RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૬ મંગળવાર, તા.૩૦-૦૪-૨૦૨૪ અંક : ૧૦૬ વર્ષ : ૧૯ jamnagar@aaspassaindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# આવતીકાલથી વડાપ્રધાન મોદી ગુજરાતમાં : ૬ જાહેરસભા

## બે દિવસમાં ૧૧ લોકસભાની બેઠક માટે સંબોધન કરશે મોદી : અમિત શાહ પણ આજે ગુજરાતમાં સભા સંબોધશે

ભાવનગર,તા.૨૯

આવતીકાલ ગુજરાત સ્થાપના દિવસે વડાપ્રધાન મોદી ચૂંટણી પ્રચાર માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેમનો બે દિવસનો પ્રવાસ ગોઠવાયો છે જેમાં ૬ જાહેરસભાનું આયોજન કરાયું છે જેમાં ૧૧ લોકસભા બેઠક માટે તેઓ સંબોધન કરશે.

ત્રીજા તબક્કામાં ગુજરાતની બેઠકો પર યોજાનાર મતદાન આડે હવે સાત દિવસો બાકી રહ્યા છે ત્યારે



પ્રચાર પ્રસાર પુરજોશમાં શરૂ થયો છે. કર્ણાટકમાં પ્રચાર પુરો કર્યા બાદ હવે પહેલી મે થી વડાપ્રધાન મોદી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આવતીકાલ બુધવારે ડિસા ખાતે તેઓ પબ્લિક મિટીંગ કરશે. બીજી મેએ વડાપ્રધાન આણંદ, વઢવાણ, જુનાગઢ અને જામનગરમાં જાહેરસભાને સંબોધશે. ઉલ્લેખનિય છે કે સુરતની બેઠક બિનહરીફ થયા પછી હવે ૨૫ લોકસભાની બેઠક અને પાંચ વિધાનસભાની બેઠકની પેટા ચૂંટણીનું મતદાન ૭મીએ થવાનું છે.

ઉલ્લેખનિય છે કે આજે ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાતમાં જાહેરસભા અને મિટીંગોમાં હાજરી આપાવના છે.

**હવે આમ આદમી પાર્ટી પણ....**

## રાજા અને મહારાજાઓને અફીણના બંધાણી બનાવી અંગ્રેજોએ શાસન કર્યુ ! ઉમેશ ઉવાચ

ભાવનગર,તા.૩૦

રાજા રજવાડા પર નિમ્ન ટિપ્પણી કરવાનો આ ચૂંટણીમાં જાણે ટ્રેન્ડ ચાલ્યો હોય તેમ એક પછી એક પક્ષના નેતાઓ નિવેદન કરી રહ્યા છે આથી ક્ષત્રિય સમાજમાં રોષ વધ્યો છે. પરષોત્તમ રૂપાલા બાદ રાહુલ ગાંધીએ કરેલા નિવેદનથી ક્ષત્રિય સમાજ નારાજ થયો છે ત્યાં ભાવનગરનાં ગઠબંધનના ઉમેદવાર ઉમેશ મકવાણા એ બળતામાં જાણે ઘી હોમતા હોય તેવું વિવાદી નિવેદન છેડ્યું છે.

ભાવનગર ઈન્ડિયા ગઠબંધનના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણા દ્વારા "૧૯૪૭ પહેલા દેશના રાજા મહારાજાઓ તાકાતવર હોવાથી તેને જીતી શકાય નહી તે માટે ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા પ્રજાને અફીણનું બંધાણ કરાવ્યું....રાજા મહારાજાઓ અફીણના નશામાં પડ્યા રહે એટલે એક એક રજવાડા પર અંગ્રેજોનું શાસન આવ્યા' તેવું એક ચેનલના ઈન્ટરવ્યૂમાં જણાવતા ખળભળાટ મચી ગયો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણાએ એક ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યૂમાં ભારત દેશ પર અંગ્રેજોના શાસન અને ભારત દેશની પ્રજાને ૨૦૦ વર્ષ ગુલામીમાં રાખવા સંદર્ભે તેઓએ આપેલા નિવેદનથી ગુજરાત રાજ્યમાં ફરી એક વખત રાજા રજવાડાના મુદ્દે વિવાદ સાથે આક્રોશ ફેલાયો છે.

## કોંગ્રેસ SC-ST અનામત પર તલવાર લટકાવી રહી છે - મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર કોંગ્રેસ પર SC-ST અને OBC માટે અનામત ખતમ કરવાના આરોપ લગાવ્યા છે. સોમવારે એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં મોદીએ કહ્યું- કોંગ્રેસ SC-ST અનામત પર તલવાર લટકાવી રહી છે. કોંગ્રેસ OBCનું જીવવાનું મુશ્કેલ કરી દેશે.

આ ઉપરાંત મોદીએ INDI ગઠબંધનના PM ફેસના મુદ્દા પર પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે જો INDI ગઠબંધનની સરકાર આવશે તો PM રોટેશન દ્વારા હશે. ૫ વર્ષ સુધી માત્ર શપથ ગ્રહણ સમારોહ જ ચાલતા રહેશે. દેશ

### OBCનું જીવવાનું મુશ્કેલ કરી દેશે; જો I.N.D.Iની સરકાર આવશે તો ૫ વર્ષ સુધી શપથ સમારોહ જ ચાલશે

સંકટમાં ફસાયેલો રહેશે. દેશે ૩૦ વર્ષથી અસ્થિરતા અને ગઠબંધન સરકારોનો સમય જોયો છે. શું ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષોના મેનિફેસ્ટો શોપીસ માટે હોય છે? ખરેખરમાં દરેક રાજકીય પક્ષના મેનિફેસ્ટોની વિગતવાર- ઝીણવટભરી તપાસ કરવી એ મીડિયાનું કામ છે. તેમના મેનિફેસ્ટોમાં આ વાતનો સંકેત હતો.

કોંગ્રેસનું કહેવું છે કે તેઓ સામાજિક-આર્થિક સર્વેક્ષણના આધારે સિસ્ટમને રિડિસ્ટ્રિબ્યુશન કરશે. આ અંગે તમારો શું અભિપ્રાય છે? મોદીએ કહ્યું સર્વેનો અર્થ શું છે? સર્વે એટલે દરેક પરિવારના ઘરે દરોડા પાડવાનો છે. જો કોઈ મહિલાએ અનાજના ડબ્બામાં જ્વેલરી છુપાવી હશે તો તેનો સર્વે કરવામાં આવશે. જમીનનો હિસાબ કરવામાં આવશે અને પછી તેનું રિડિસ્ટ્રિબ્યુશન કરવામાં આવશે. માઓવાદી વિચાર સાથે દુનિયા આ પહેલાં કરી ચૂકી છે. આ સંપૂર્ણપણે અર્બન નક્સલી વિચારસરણી છે.

## પ્રાજવલ દેશ છોડી જર્મની ભાગી ગયો એસઆઈટીની કરવામાં આવી રચના

### પ્રાજવલને ભારત પાછો લાવવામા આવશે: કર્ણાટક પ્રધાનનું આશ્વાસન

બેગલુરૂ,

ભૂતપૂર્વ વડા પ્રધાન એચ ડી દેવગૌડાના પ્રપૌત્ર પ્રાજવલના સેક્સકાંડે દેશને હચમાચવી દીધો છે. દુનિયોનું સૌથી મોટું સ્કેન્ડલ આને કહેવામાં આવે છે. એમ કહેવાય છે કે પ્રાજવલે કામવાળી બાઈથી માંડી મોટા પદ પરની મહિલાને પોતાની જાળમાં ફસાવી છે. જોકે આ સ્કેન્ડલ બહાર આવતા જેડી (એસ)નો સાંસદ અને હસનનો ઉમેદવાર પ્રાજવલ દેશ છોડી જર્મની ભાગી ગયો છે. તેની સામે એસઆઈટીની રચના કરવામાં આવી છે ત્યારે હવે તેને ફરી બોલાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે, તેવું આશ્વાસન કર્ણાટક સરકાર આપી રહી છે.

કર્ણાટકના ગૃહ પ્રધાન જી પરમેશ્વરાએ દાવો કર્યો હતો કે પૂર્વ વડાપ્રધાન અને જેડી(એસ)ના સુપ્રીમો એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્ના, જે સેક્સ વીડિયો સ્કેન્ડલના આરોપી છે, તેમને ભારત પાછા ફરવાનું કહેવામાં આવશે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની તપાસ ટૂંક સમયમાં પૂરી થશે, ૧૦-૧૫ દિવસમાં રિપોર્ટ આવશે. પ્રજ્વલને SIT દ્વારા જ પરત બોલાવવામાં આવશે.

## ઈઝરાયલના PM નેતન્યાહૂની ગમે ત્યારે થઈ શકે છે ધરપકડ : અરેસ્ટ વોરન્ટ જાહેર

ગાઝા

ગાઝા પટ્ટીમાં ભયાનક હત્યાકાંડને કારણે, ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુ સામે કાર્યવાહી થઈ શકે છે. એવા અહેવાલો છે કે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ તેની ધરપકડ માટે વોરંટ જારી કરવાની છે. વોરંટ માત્ર નેતન્યાહુ વિરુદ્ધ જ નહી પરંતુ ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી અને IDF ચીફ વિરુદ્ધ પણ જારી થઈ શકે છે. ICCના આ પગલાથી અમેરિકા ભડક્યું છે. તેણે ચેતવણી આપી છે કે જો આવું થશે તો ICC પરિણામ ભોગવવા તૈયાર રહે.

ગાઝા પટ્ટીમાં ઈઝરાયલી સેનાના નરસંહારમાં મૃત્યુઆંક ૩૪ હજારને પાર થઈ ગયો છે. ગાઝામાં માર્યા ગયેલા લોકોમાં મોટાભાગના માસૂમ બાળકો અને મહિલાઓ છે. યુએન સહિત ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ગાઝા પર જમીન અને હવાઈ કાર્યવાહીને રોકવા માટે અવાજ ઉઠાવ્યો છે, પરંતુ નેતન્યાહુએ પીછેહઠ કરી નથી.

યુએસમાં બંને પક્ષોના ધારાશાસ્ત્રીઓએ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટને ચેતવણી આપી છે કે જો ઈઝરાયેલના ટોચના અધિકારીઓ સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવશે તો વોશિંગ્ટન કોર્ટ સામે બદલો લેશે.

## ગૃહમંત્રી અમિત શાહનું હેલિકોપ્ટર દુર્ઘટનાનો ભોગ બનવાથી બચી ગયું

બેગુસરાઈ,

બિહારના બેગુસરાઈમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું હેલિકોપ્ટર એક દુર્ઘટનાનો ભોગ બનવાથી બચી ગયું હતું. ચૂંટણી સભાને સંબોધિત કર્યા બાદ અમિત શાહ પરત ફરી રહ્યા હતા. ત્યારે હેલિકોપ્ટર ટેક ઓફ કરતી વખતે અચાનક ભારે પવનને કારણે અસંતુલિત થઈ ગયું હતું. આ દરમિયાન પાયલોટે સૂઝબૂઝ બતાવતા હેલિકોપ્ટરને પરત ફેરવીને પછી ટેક ઓફ કરતા મોટી દુર્ઘટના ટળી હતી.જનસભાને સંબોધીને પરત ફરતી વખતે અમિત શાહના હેલિકોપ્ટરનું સંતુલન ખોરવાઈ ગયું હતું. અમિત શાહનું હેલિકોપ્ટર જોરદાર પવનને કારણે ડગમગી ગયું હતું. ગૃહમંત્રી ચૂંટણી સભાને સંબોધવા બેગુસરાયની જીડી કોલેજના મેદાનમાં પહોંચ્યા હતા. સભાને સંબોધન કર્યા પછી, તેઓ હેલિકોપ્ટરમાં સવાર હતા ત્યારે ભારે પવનને કારણે તેમનું હેલિકોપ્ટર અનબેલેન્સ થઈ ગયું હતું.

## ઉત્તરાખંડ સરકાર તરફથી પતંજલિને ઝટકો : ૧૪ પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ

હરદ્વાર,

સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ પતંજલિને ઉત્તરાખંડ સરકાર તરફથી પણ ઝટકો લાગ્યો છે. ઉત્તરાખંડ ડ્રગ કંટ્રોલ વિભાગની લાઈસન્સિંગ ઓથોરિટીએ પતંજલિની દિવ્યા ફાર્મસી કંપનીના ૧૪ ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો છે. ભ્રામક જાહેરાતના મામલામાં દિવ્યા ફાર્મસીના આ ઉત્પાદનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

દિવ્યા ફાર્મસીના જે ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં શ્વાસરી ગોલ્ડ, શ્વાસરી વટી, દિવ્યા બ્રોનકોમ, શ્વસારી પ્રવાહી, શ્વાસરી અવલેહ, મુક્તા વટી એક્સ્ટ્રા પાવર, લિપિડોમ, બીપી ગ્રિટ, મધુગ્રિત, મધુનાશિની વટી એક્સ્ટ્રા પાવર, લિવામૃત એડવાન્સ, લિવોગ્રિટ ગોલ્ડ, લિવોગ્રિટ અને પતંજલિ દૃષ્ટિ આઈ ડ્રોપ નો સમાવેશ થાય છે.

ઉત્તરાખંડ ડ્રગ કંટ્રોલ ડિપાર્ટમેન્ટની સૂચના અનુસાર, દિવ્યા ફાર્મસીનું લાઈસન્સ તેના ઉત્પાદનોની અસરકારકતા વિશે વારંવાર ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરવા બદલ બંધ કરવામાં આવ્યું છે.

## દેશમાં ભીષણ ગરમીથી અપાયું રેડ એલર્ટ : કાશ્મીરમાં ભારે હિમવર્ષા

નવીદિલ્હી,

દેશમાં ગઈકાલે મોટાભાગના વિસ્તારો કાળઝાળ ગરમીથી શેકાતા રહ્યાં. હવામાન વિભાગના ડેટા મુજબ, મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે, જે પાવર ગ્રીડ પર દબાણ લાવી રહ્યું છે. એક તરફ દેશના ઘણા ભાગોમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે તો બીજી બાજું ભારતની ઉત્તર દિશામાં આવેલા કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થઈ રહી છે.

હિમાચલ પ્રદેશની વાત કરવામાં આવે તો છેલ્લા બે દિવસથી સતત વરસાદ, કરા અને હિમવર્ષા થઈ રહી છે. હવામાન વિભાગે આજે (૩૦ એપ્રિલ) વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે. ૧ મેના રોજ પણ કેટલીક જગ્યાએ હવામાન પ્રતિકૂળ રહી શકે છે. તે જ સમયે, ભારે વરસાદને કારણે જમ્મુ-કાશ્મીરમાં આજે તમામ શાળાઓ બંધ રહેશે. જોકે, આજથી કાશ્મીરની ઘાટીઓમાં હવામાન સુધરશે.

હવામાન વિભાગે ૩૦ એપ્રિલ માટે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં તીવ્ર ગરમી અને હીટ વેવની ચેતવણી જારી કરવામાં આવી છે, અને યુપીમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ પણ પડી શકે છે. કાળઝાળ ગરમીના કારણે ઝારખંડમાં ઘણી શાળાઓ કોલેજો બંધ કરી દેવામાં આવી છે.તેલંગાણા, કર્ણાટક અને સિક્કિમના ભાગો માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સોમવારે બંગાળનું કલાઈકુંડા અને કેરળનું કંડાલામાં તાપમાન ૪૫.૪ ડિગ્રી, આંધ્રપ્રદેશના નંદ્યાલમાં ૪૫ ડિગ્રી, બિહારના શેખપુરામાં ૪૪ ડિગ્રી અને ઓરિસ્સાના બારીપાડામાં ૪૪ ડિગ્રી હતું.

## કેન્યામાં બંધ તૂટતાં ૪૦થી વધુનાં મોત

કેન્યા,

ભારે વરસાદને પગલે પશ્ચિમ કેન્યામાંબંધ તૂટતાં ઓછામાં ઓછા ૪૦ જણનાં મોત થયા હોવાનું પોલીસે કહ્યું હતું. બંધના પાણી ઘરો પર ફરી વળ્યા હતા અને મોટાભાગના રસ્તાઓ પરનો વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો.

ગ્રેટ રિફ્ટ વેલીના માઈ માહિઉ વિસ્તારમાં આવેલો ઑલ્ડ કિજાબે ડેમ તૂટી પડતાં કાદવ, પથ્થરો સહિત ધસી આવેલા પાણીને કારણે અનેક ઝાડ તૂટી પડ્યા હતા, એમ પોલીસે કહ્યું હતું. કેન્યાના સૌથી વ્યસ્ત ગણાતા



હાઈવે પર અનેક વાહનો કાટમાળમાં ફસાઈ ગયા હતા. મોટાભાગના વિસ્તાર પર પાણી ફરી વળ્યું હોવા વચ્ચે અર્ધતબીબી ટુકડીએ ઈજાગ્રસ્તોને સારવાર આપી હતી.

કેન્યામાં પડી રહેલા ભારે વરસાદમાં અત્યાર સુધીમાં ૧૦૦ કરતાં વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે.

## T-20 વર્લ્ડ કપની ટીમ માટે અમદાવાદમાં આજે રાષ્ટ્રીય પસંદગીકારોની મળશે બેઠક


### રોહિત કેપ્ટનશિપ હેઠળ ટીમ વેસ્ટઈન્ડિઝ તથા અમેરિકાના પ્રવાસે જશે તે નિશ્ચિત

મુંબઈ,

IPL ૨૦૨૪ પછી યોજાનાર T20 વર્લ્ડ કપ માટે ટીમ જાહેર કરવાની સમયમર્યાદા નજીક આવી રહી છે. એવું માનવામાં આવે છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ૧ મેના રોજ આ વૈશ્વિક ટૂર્નામેન્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી શકે છે. દરમિયાન, અજીત અગરકરની આગેવાની હેઠળની રાષ્ટ્રીય પસંદગી સમિતિ મંગળવારે બોર્ડના સચિવ જય શાહને ટીમની પસંદગીને અંતિમ સ્વરૂપ આપવા માટે મળવાની છે.

BCCI સેક્રેટરી જય શાહ સિનિયર મેન્સ સિલેક્શન કમિટીના કન્વીનર છે અને લોકસભા ચૂંટણીના કારણે તેમનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત છે. માનવામાં આવે છે કે જય શાહ અને રાષ્ટ્રીય પસંદગીકારો વચ્ચે અમદાવાદમાં બેઠક યોજાશે. જય શાહ અને અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ વચ્ચેની બેઠક દરમિયાન બે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે, ટીમમાં બીજા વિકેટકીપરનું સ્થાન અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાનું સ્થાન બે મહત્વના મુદ્દા હશે.

આ ઉપરાંત લખનૌ સુપરજાયન્ટ્સના કેપ્ટન કેએલ રાહુલ અને રાજસ્થાન રોયલ્સની કેપ્ટનશીપ કરી રહેલા સંજુ સેમસન વચ્ચે બીજા વિકેટકીપર માટે હજુ સ્પર્ધા ચાલી રહી છે.



## છેલ્લા દિવસે ઈન્દોરના લોકસભાના કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પાછું ખેંચી ભાજપની જીત પાકી કરાવી દીધી

### મધ્યપ્રદેશમાં કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિએ છેક છેલ્લી ઘડીએ ખેલ પાડી પાટલી બદલી



ઈન્દોર,તા.૨૯

મધ્યપ્રદેશમાં કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. ઈન્દોર લોકસભા સીટ પરથી પાર્ટીના ઉમેદવાર અક્ષય કાંતિ બામે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું છે. એટલું જ નહીં કોંગ્રેસ છોડીને અક્ષય કાંતિ ભાજપમાં જોડાઈ ગયા છે. બીજેપીના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ આ જાણકારી આપી છે. કૈલાશ વિજયવર્ગીયએ અક્ષય બમ સાથે સેલ્ફી શેર કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ઈન્દોરથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર અક્ષય કાંતિ બમ, માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, મુખ્યમંત્રી ડો. મોહન યાદવના નેતૃત્વમાં ભાજપ. અને પ્રદેશ પ્રમુખ વી.ડી.શર્મા.

ઈન્દોર લોકસભા સીટ પર ચૂંટણી માટે ૨૫ એપ્રિલ સુધી નામાંકન ભરવામાં આવ્યું હતું. ૨૯મી એપ્રિલે નામાંકન પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસને કોઈ સમાચાર મળે તે પહેલા કૈલાશ વિજયવર્ગીયએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. ઈન્દોરમાં લોકસભા ચૂંટણી માટે ૧૩ મેના રોજ મતદાન થશે અને ૪ જૂને મતગણતરી પૂર્ણ થશે. મિની મુંબઈ એટલે કે મધ્યપ્રદેશના ઈન્દોરથી કોંગ્રેસના લોકસભા ચૂંટણીના ઉમેદવાર અક્ષય કાંતિ બામે ૨૪ એપ્રિલના રોજ ઉમેદવારી નોંધાવી હતી. એફિડેવિટમાં બામે પોતાની કુલ સંપત્તિ ૫૭ કરોડ રૂપિયા હોવાનું જાહેર કર્યું હતું.

ખાસ વાત એ છે કે કોંગ્રેસના ઉમેદવાર પાસે કાર નથી. તે ૧૪ લાખ રૂપિયાની ઘડિયાળ પહેરે છે.કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બામ પાસે ૮.૫૦ કરોડ રૂપિયાની જંગમ અને ૪૬.૭૮ કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. વ્યવસાયે બિઝનેસમેન, બામની વાર્ષિક આવક રૂ. ૨.૬૩ કરોડ છે. તેની પાસે ૪૧ કિલો ચાંદી અને ૨૭૫ ગ્રામ સોનું પણ છે.

# મતદાન સ્ટાફ-ભારતની ચૂંટણી પ્રક્રિયાની કરોડરજ્જુ : પી. ભારતી







જામનગર : લોકશાહીનું આ ભવ્ય પર્વ, જયાં લાખો નાગરીકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે છે. ત્યાં પડદા પાછળ કેટલાક એવા લોકોનો સમૂહ છે, જે આ લોકશાહીની પ્રક્રિયાને સફળ બનાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહયો હોય છે. આ કર્મનિષ્ઠ વ્યકિતઓના સમૂહને ચૂંટણીની ભાષામાં "પોલીંગ સ્ટાફ" કહેવાય છે. જેઓ આપણી ચૂંટણી પ્રકિયાની કરોડરજજુ છે તેમની પ્રતિબધ્ધતા, સમર્પણ અને સખત મહેનત; એ સુનિશ્ચિત કરે છે કે ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને પારદર્શક રીતે યોજાય. ચૂંટણી પ્રક્રિયા એટલે મહાશ્રમ યજ્ઞ. કુનેહપૂર્વકની અને નિયમાનુસારની તથા ઘડીયાળના કાંટે ચાલતી પ્રક્રિયા. જે મતદાનના આગળના દિવસે વહેલી સવારે શરૂ થઈને મતદાનના દિવસે મોડેથી પૂર્ણ થાય છે.

ચૂંટણી પ્રક્રિયાને લગતી સામગ્રી કે જેમાં ટાંકણીથી લઈને VVPATનો સમાવેશ થાય છે. પોલીંગ સ્ટાફ આ સામગ્રીને ડિસ્પેચીંગ સેન્ટર પરથી લઈને તેને જીવથી વધુ સાચવીને મતદાન મથકે લઈ જાય છે. મતદાન મથકના સ્થળે પોતાના મતદાન મથકને ચૂંટણી માટે તૈયાર કરે છે. ગુજરાતમાં મતદાનના દિવસે આવા લગભગ ૪.૦ લાખ સૈનિકો વહેલી સવારે તૈયાર થઈને ઉમેદવારોના મતદાન એજન્ટ એવા આગંતુકોની રાહ જુએ અને પછી તેઓની હાજરીમાં મોકપોલ કરીને મતદાન મથકને ચૂંટણી માટે તૈયાર ઘોષિત કરે ત્યારે અડધો હાશકારો અનુભવાય. એમાંય જયારે પહેલો મત પડે અને ૧૭-ક માં નોંધણી થઈને CUમાંથી બીપનો અવાજ આવે એટલે પૂર્ણ હાશકારો અને પછી આખો દિવસ મતદારોને આવકારે છે, સમજણ આપે છે અને જો કોઈ મતદાર કોઈપણ મૂંઝવણ અનુભવે તો તેને શાંતિથી નિયમાનુસાર સમજણ આપે છે.

મતદાન પુરુ થયા પછી બધા જ પત્રકો તેના કવરમાં મૂકાય તેની ખાત્રી કરે છે અને પછી રીસીવીંગ સેન્ટરે પહોંચીને જીવની જેમ સાચવેલુ EVM અને બાકીની બધી ચૂંટણી સામગ્રી જમા કરાવે છે અને જયારે "ચૂંટણી ફરજ મુકિતનું પ્રમાણપત્ર" મળે ત્યારે તે ચૂંટણી કામગીરી પૂરી કર્યાનો ગર્વ અનુભવે છે. મતદાન સ્ટાફ મતદાન મથક તૈયાર કરવાથી લઈને મતદાન પછીની પ્રક્રિયાઓ દરમિયાન લાંબા કલાકો સુધી કામ કરે છે; તેમનું શરીર કદાચ થાકતું હશે પણ તેમનું સમર્પણ અતૂટ હોય છે. આખા દેશની નજર તેમના પર હોય છે. કોઈપણ ભૂલ વિવાદ ઉભો કરી શકે છે, તેમ છતાં તેઓ નિષ્પક્ષતા સાથે આગળ વધતા રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીંગ સ્ટાફ પૈકીના ઘણા કર્મચારીઓ ડાયાબીટીસ, બી.પી. અને થાઈરોઈડ જેવી આરોગ્ય વિષયક સમસ્યાઓ ધરાવતા હોવા છતાં અને નિત્ય દૈનિક ક્રિયાઓની અગવડતા ભોગવીને પણ સતત ૩૬ કલાક સુધી મતદાન મથકે ચૂંટણી ફરજ નિભાવતા હોય છે. આમ, ચૂંટણી પંચના આ પાયાના સૈનિકો ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાની ફરજ નિભાવવા તત્પર હોય છે. મતદાન સ્ટાફ પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકે તે માટે DEO મતદાન સ્ટાફ માટે સઘન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે. તેઓ ચૂંટણીના કાયદા, ટેકનોલોજી અને નૈતિક આચરણ વિશે માહિતગાર થાય છે. આનાથી તેઓને તેમની ફરજો અસરકારક રીતે નિભાવવાની શકિત અને સમજ મળે છે. ECI મતદાન કર્મચારીઓના સ્વાસ્થ્ય પર પણ ભાર મૂકે છે. મતદાન મથકો પર તબીબી સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. ચૂંટણી ફરજ પર રહેલા કર્મચારીઓની કેશલેસ સારવાર માટે આરોગ્ય વિભાગ દ્વારા પણ પહેલ કરવામાં આવી છે. મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ પર હોય ત્યારે અકસ્માત અને સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે વીમા કવચ પૂરૂ પાડવામાં આવે છે. મતદાનના દિવસે વ્યસ્તતામાં કદાચ તેઓને બિરદાવવાના રહી જાય છે પરંતુ સમગ્ર ચૂંટણી શાંત અને મુક્ત વાતાવરણમાં યોજાય છે ત્યારે ઘણાં લોકો ભૂલી જતા હશે કે મતદાનના દિવસે મતદાન મથકના તે મુખ્ય ચૂંટણી અધિકારી હોય છે. મતદાન કર્મચારીઓને હું કહેવા માંગું છું કે, "તમે એવા આઈકન છો કે, જેઓ સુનિશ્ચિત કરે છે કે, લોકશાહીના ધબકારા ધબકતા રહે. તમારા સમર્પિત યોગદાનથી જ ભારતની ચૂંટણી મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક બને છે. પત્રકો ભરવામાં કદાચ આંકડાકીય ભૂલ થઈ શકે પણ અમને ખાત્રી છે કે નિયમની ચૂક તમે કયારેય નહિં કરો. તમારી મહેનત, પ્રામાણિકતા અને બલિદાન મહત્વપૂર્ણ છે. લોકશાહીની આ જયોત જલતી રાખો. આપણી લોકશાહીના મૂક શિલ્પકાર એવા મતદાન સ્ટાફને સલામ.

## જામ્યુકોમાં કામદારને એનઓસી નહીં આપતા કમિશનરને રજૂઆત

જામનગર : જામનગર મહાનગર પાલિકાના બદલી કામદારો મહાનગર પાલિકાના કર્મચારી ગણાય નહીં તેવો જવાબ આપી એનઓસી આપવાની ના પાડવામાં આવતા જવાબદાર અધિકારી સાથે પગલા લેવાની માંગ સામે મ્યુનિ. કમિશનર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

જામનગર જિલ્લા સફાઈ કામદાર યુનિયનના પ્રેમજીભાઈ બાબરીયાએ આ રજુઆતમાં જણાવ્યું છે કે, જામનગર જિલ્લા સફાઈ કામદાર યુનિયન બે ટ્રેડ યુનિયન છે અને સફાઈ કામદારોનું પ્રતિનિધિત્વ કરે છે.

બદલી કામદારને પગાર સ્લિપ આપવામાં આવે છે. છતાં સોલીડ વેસ્ટ શાખાના કંટ્રોલીંગ અધિકારી મુકેશ વરણવા કહે છે કે બદલી કામદાર મહાનગર પાલિકાના કર્મચારી ગણાય નહીં આથી એનઓસી આપી શકાય નહીં. આમ તેણે સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ બોર્ડસના અનુ. ૧ સેકશન-૩ (૧)ની જોગવાઈનો ભંગ કરેલ છે. આથી મુકેશ વરણવા સામે સ્ટે ઓર્ડર્સના ભંગ બદલ કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ.

## જામનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

જામનગર : જામનગરના નવીનભાઈ નેણસીભાઈ પાટડીયા તથા અ.સૌ. પુષ્પાબેન નવીનભાઈ પાટડીયા તેમજ પાટડીયા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે તા. ૧-૫-૨૪ થી તા. ૭-૫-૨૪ સુધી જામનગરમાં ખંભાળીયા નાકા બહાર કેસરબાગ, વિસા શ્રીમાળી સોની જ્ઞાતિની વાડીમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસાસને યુવા ભાગવત કથાકાર શાસ્ત્રી વિરલભાઈ નાકર કથાનું રસપાન કરાવશે. કથા શ્રવણનો સમય સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ સુધીનો રહેશે. તા. ૧-૫ ના માધવરાયના મંદિરેથી સવારે ૧૦ વાગ્યે પોથીયાત્રા નીકળશે. તા. ૩-૫ ના નૃસિંહ ભગવાન પ્રાગટય, વામન પ્રાગટય, રામ પ્રાગટય, કૃષ્ણ પ્રાગટય, તા ૫-૫ ના નંદ મહોત્સવ, ગોવર્ધન લીલા, ૬-૫ ના રૂક્ષ્મણી વિવાહ, ૭-૫ ના સુદામા ચરિત્ર, ૮-૫ ના વિષ્ણુ યજ્ઞ યોજાશે.

## દ્વારકા ખાતે મતદાન જાગૃતિ વોકેથોન યોજાઈ





દ્વારકા : ૭મી મેએ રાજયભરમાં યોજાનારી લોકસભા ચૂંટણીના મહાપર્વમાં મતદારો વધુમાં વધુ મતદાન કરે અને લોકશાહીના અવસરમાં સહભાગી બની 'ચુનાવ કા પર્વ'ની ઉત્સાહભેર ઉજવણી કરે એ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃત્તિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે દ્વારકા ખાતે પ્રાંત અધિકારી એચ. એ. ભગોરાની રાહબરી હેઠળ સ્વીપ પ્રવૃતિ અંતર્ગત વોકેથોન (રેલી) યોજાઇ હતી. જેમાં નગરજનોને વધુમાં વધુ મતદાન કરવા પ્રેરણા આપી હતી.

રેલીમાં સૌએ અચૂક મતદાન, સો ટકા મતદાન, ચુનાવ કા પર્વ, દેશકા ગર્વ, પહેલા મતદાન, પછી અન્ય કામ, વધુમાં વધુ મતદાન કરીએ, લોકશાહીનું જતન કરીએ જેવા સૂત્રોના નાદથી સૌને મતદાન માટે જાગૃત થવાની આમ નાગરિકોને પ્રેરણા આપી હતી.

મતદાન જાગૃતિ રેલીમાં દ્વારકા તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, TPEO દ્વારકા, બી આર સી કો - ઓર્ડિનેટર દ્વારકા, કેળવણી નિરીક્ષક દ્વારકા, સી આર સી કો ઓર્ડીનેટર, વિવિધ શાળાના આચાર્યો, શિક્ષક ગણ, આંગણવાડી કાર્યકરો, યોગબોર્ડના સભ્યો, વિવિધ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

## લાલપુરના નાની રાફુદડ ગામે ખેતીની જમીન અંગેનો દાવો રદ

જામનગર : લાલપુરના નાની રાફુદળ ગામમાં આવેલી ખેતીની કિંમતી જમીનનો દસ્તાવેજ રદ કરવા તથા કબજો અપાવવાની દાદ સાથે કરાયેલો દાવો અદાલતે નામંજૂર રાખ્યો છે.

લાલપુર તાલુકાના નાની રાફુદળ ગામમાં આવેલી જમીન અંગે મહંમદહુસેન અલારખા સાટીએ હાલના માલિક જુસબ વલીમામદ સાટી, મુસા જુસબ, વસીમ જુસબ સામે દીવાની અદાલતમાં દાવો કરી તેઓના હિસ્સાઓની જમીનના કરી નખાયેલા દસ્તાવેજને રદ કરવાની માગણી કરી હતી.

તે દાવામાં પ્રતિવાદી પક્ષે દલીલ કરી હતી કે, પ્રતિવાદી નં.૧ના પિતા વલીમામદ મુસાએ વર્ષ ૧૯૮૦માં પુત્ર જુસબ વલીમામદ માટે દસ્તાવેજ કરી આપ્યો હતો. તેના આધારે જુસબનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયું હતું. તેઓની હૈયાતીમાં પ્રતિવાદી નં.૨ તથા નં.૩ના નામ પણ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયા હતા. તે ઉપરાંત દાવાના ચાર વર્ષ પહેલા પ્રતિવાદી જુસબ વલીમામદ અવસાન પામ્યા છે તેમ છતાં તેમની સામે ખોટી રીતે દાવો કરાયો છે.

બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી લાલપુરની દીવાની અદાલતના ન્યાયમૂર્તિએ દાવો રદ કર્યો છે. પ્રતિવાદી મુસા જુસબ તરફથી વકીલ ચંદ્રેશ મોતા, જયદેવ ગોહિલ, મૈત્રી ભૂત, સાહીના દલ રોકાયા હતા.

## ખંભાળિયાના બગીચામાં યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૧૦૧ બોટલ રક્ત એકત્ર થયું




ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં અનેક દર્દીઓને થેલેસેમિયા માટે તેમજ અકસ્માત સહિતના કેસમાં રક્તની જરૂરિયાત બની રહે છે. ત્યારે આ મહત્વની સિવિલ હોસ્પિટલમાં અવારનવાર લોહીની બોટલનો સ્ટોક તળિયા ઝાટક થઈ જાય છે. આ પરિસ્થિતિમાં દર્દીઓને હાલાકી ન થાય તે માટેના ઉમદા હેતુથી શહેરની મધ્યમાં આવેલા મ્યુનિસિપલ ગાર્ડનમાં વોકિંગ કરતા લોકોએ અનેરો વિચાર રજૂ કરી અને આ જ સ્થળે રક્તદાન કેમ્પ યોજી અને લોકોને રક્તદાન માટે આહવાન કર્યું હતું. આ પ્રેરણારૂપ પ્રવૃત્તિમાં સોશિયલ મીડિયા મારફતે વધુ ઉત્સાહમાં આવી ગયેલા લોકોએ રક્તદાન સ્થળે જઈ અને સ્વૈચ્છિક રીતે હોંશભેર રક્તદાન કર્યું હતું.

ગાર્ડન ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા અહીં વોકિંગ કરતા કરવા આવતા સદગૃહસ્થો ઉપરાંત મિત્ર વર્તુળ દ્વારા રક્તદાન કરી અને અહીં ૧૦૧ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જે અહીંની બ્લડ બેક્રને અર્પણ કરવામાં આવ્યું હતું. આ આયોજન દરમ્યાન ગાર્ડન ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજન આવકારદાયક બની રહ્યું હતું.

# 173 કિલો ડ્રગ્સ ગુજરાતના દરિયાકાંઠેથી ભારતના અંતરિયાળ વિસ્તારોમાં પહોંચાડવાનો પ્લાન હતો

### ગુજરાત ATSની ટીમ દ્વારા કૈલાશ વૈજીનાથ સનપ અને દત્તા સખારામ અંધાલેનીતથા અલી અસગર હેલપોત્રા ઉર્ફે આરીફ બીડાણાની અટકાયત




અમદાવાદ

ગુજરાતના દરિયામાંથી અવારનવાર નશીલા પદાર્થ ઝડપાતા હોય છે, ત્યારે વધુ એક વખત ડ્રગનો જથ્થો ઝડપી લેવામાં સુરક્ષા એજન્સીઓને સફળતા મળી છે. ઈન્ડિયન કોસ્ટગાર્ડ, ગુજરાત એટીએસ અને દિલ્હી એનસીબી (ઓપ્સ) દ્વારા ભારતીય બોટમાંથી બે શખસને ૧૭૩ કિલો ડ્રગ્સનો ઝડપી લેવામાં આવ્યા છે. ઝડપાયેલા બન્ને શખસને મૂળ મહારાષ્ટ્રના છે અને તેમણે ભારતીય બોટનો ઉપયોગ કરી પાકિસ્તાનના પશનીથી ૧૧૦ નોટીકલ માઈલ દૂર એક સ્થાન પર પાકિસ્તાની સ્પીડ બોટમાંથી ડીઝલ અને રેશન સહિત હશીશની ડિલિવરી લીધી હતી. અને આ જથ્થાને તેઓ ગુજરાતના દરિયાકાંઠેથી ભારતના અંતરિયાળ વિસ્તારોમાં પહોંચાડવાના હતા. ઉલ્લેખનીય છે કે, આ મામલે અમદાવાદ ATS પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગુજરાત એટીએસના પોલીસ અધિક્ષક કે. કે. પટેલને બાતમી મળી હતી કે, મહારાષ્ટ્રના મુંબઈ અને બીડના ત્રણ ભારતીય કૈલાશ વૈજીનાથ સનપ, દત્તા સખારામ અને મંગેશ તુકારામ ઉર્ફે સાહુ દરિયાઈ માર્ગે માદક દ્રવ્યોની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે તેમણે એક સ્થાનિક વ્યક્તિના નામે ભારતીય ફિશિંગ બોટ ભાડે રાખી છે. ૨૨ અને ૨૩ એપ્રિલ ૨૦૨૪ની મધ્યરાત્રિએ માછીમારીના બહાને રવાના થયા છે. ત્યારે તેઓ ૨૭ અને ૨૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગુજરાતના દરિયાકાંઠે પરત ફરવાના છે. ત્યારબાદ તેઓ પ્રતિબંધિત માદક પદાર્થના જથ્થાને ગુજરાતના દરિયાકાંઠેથી ભારતના અંતરિયાળ વિસ્તારમાં પહોંચાડવાના છે. બાતમીના આધારે ગુજરાત એટીએસના PSI એચ.ડી વાઢેરના નેતૃત્વ હેઠળ ગુજરાત એટીએસ તથા ઈન્ડિયન કોસ્ટગાર્ડની સંયુક્ત ટીમનું ઓપરેશન પોરબંદર ખાતેથી ICGSના 'સજગ'માં આરંભ્યું હતું. ૨૮ એપ્રિલના ૧૨ વાગ્યાની આસપાસ ઈન્ડિયન કોસ્ટગાર્ડ અને ગુજરાત ATSની ટીમ દ્વારા IFBની ઓળખ કરી અને તેને આંતરી તેમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન મંગેશ તુકારામ આરોટે ઉર્ફે સાહુ તથા હરીદાસ રામનાથ કુલાલના ઉર્ફે પુરીના કબજામાંથી બોટના હોલ્ડમાં છૂપાવેલા ૧૭૩ પેકેટ્સમાં કુલ ૧૭૩ કિગ્રા હશીશ મળી આવતા જપ્ત કરાયું હતું. આ દરમિયાન ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુજરાત ATSની ટીમ દ્વારા અન્ય ત્રણ શખસો કૈલાશ વૈજીનાથ સનપ અને દત્તા સખારામ અંધાલેની દેવભૂમિ દ્વારકાથી તથા અલી અસગર હેલપોત્રા ઉર્ફે આરીફ બીડાણાની કચ્છના માંડવીથી અટકાયત કરી છે.

# કોંગ્રેસ નિલેશ કુંભાણી સામે મોરચો મંડાશે

## સસ્પેન્ડેડ ઉમેદવાર સામે ફોજદારી કાર્યવાહી કરવાની તજવીજ : CP™u FIR દાખલ કરવા માગ કરશે



અમદાવાદ

નિલેશ કુંભાણી દ્વારા ષડયંત્ર રચીને પોતાનું ઉમેદવારી પત્ર રદ કર્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા પણ કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ હવે નિલેશ કુંભાણીની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવા જઈ રહી છે. સૌ-પ્રથમ કાયદાકીય લડતમાં કોંગ્રેસ દ્વારા પોલીસ કમિશ્નરને નિલેશ કુંભાણીની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવે તેવી માગ કરવામાં આવશે.

નિલેશ કુંભાણી દ્વારા પોતાનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું હોવાના આક્ષેપોને લઈને હવે કોંગ્રેસ આગામી દિવસોમાં લીગલ પ્રક્રિયા આગળ વધારવાનું મન બનાવી ચૂકી છે. અમદાવાદ ખાતે જી.પી.સી.સી.ની મળેલી બેઠકમાં સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીના નેતૃત્વમાં કાયદાકીય લડાય? કેવી રીતે લડવી? તેની તૈયારી કરવામાં આવી છે. જેને લઈને હવે કેટલાક મહત્વના નિર્ણય પણ કરી દેવામાં આવ્યા છે. સૌપ્રથમ નિલેશ કુંભાણી સામે ફોજદારી ગુનો દાખલ થાય તેના માટે પોલીસ કમિશનરને મળીને એફઆઈઆર દાખલ કરવા માટે માગ કરવામાં આવનાર છે.

નિલેશ કુંભાણીએ જે કર્યું છે તેને લઈને તેને પાઠ ભણાવવાનો નિર્ણય કોંગ્રેસે કર્યો છે.

# ભારતમાં એક્ટિવ સીમકાર્ડ દુબઈમાં ૫૦૦૦ રૂપિયામાં વેચવાનું રેકેટઝડપાયું

### ચાર આરોપી ઝડપાયા : SOGએ ૧૩૮ એક્ટિવ સીમ કબજે કર્યા, સટ્ટા-ખંડણીમાં સીમ વપરાતા હતા



ભુજ,

ઈન્ડિયાના એક્ટિવ સીમકાર્ડ દુબઈમાં બેનંબરી ધંધામાં ઉપયોગ કરવા ૫ હજાર રૂપિયામાં વેચાણ થતા હોવાના રેકેટનો એસઓજીએ પર્દાફાશ કર્યો છે. આ રેકેટમાં એસઓજીએ ૪ શખ્સોને પકડી પાડી ૧૩૮ એક્ટિવ સીમકાર્ડ કબજે કર્યા છે. હજુ આ રેકેટનો માસ્ટર માઈન્ડ મોહસીન વોન્ટેડ છે. મોહસીન પકડાયા બાદ રેકેટમાં કોણ કોણ સામેલ છે અને અત્યાર સુધીમાં કેટલા એક્ટિવ સીમકાર્ડ દુબઈ મોકલ્યા છે તે અંગેની પણ હકીકતો સામે આવી શકે છે. ૨ હજાર સીમ દુબઈ મોકલ્યાની આશંકા છે.

એસઓજી પીઆઈ ચૌધરી અને પીસીબીના પીઆઈ સુવેરાએ ઉનમાં વોચ ગોઠવી હતી. બીજાના નામથી એક્ટિવ સીમકાર્ડ અફઝલ અને આદીલ બન્ને દુબઈ મોકલતા હતા. આ બંને પાસેથી ૧૦૧ સીમ મળ્યા છે. બન્નેને એક સીમ પર ૧૫૦૦ કમિશન મળતું અને પછી દુબઈમાં તેના સાગરિત ૫ હજારમાં વેચાણ કરતા હતા. આ સીમનો દુબઈમાં ક્રિકેટનો સટ્ટો, બેંક ફ્રોડ અને ખંડણીમાં ઉપયોગ કરાતો હતો. આરીફ સૈયદ અને ફારૂક મેમણ પાસેથી પણ ૩૭ સીમકાર્ડ મળ્યા છે. અફઝલ આરીફ વ્હોરા(૨૪), આદીલ ફિરોઝ વ્હોરા(૨૭) આરીફ બકસુ સૈયદ(૨૮), મોહંમદ ફારૂક વલી મોહંમદ મેમણ(૩૮)ની ધરપકડ કરાઈ છે.

# નવસારીમાં ડેપ્યુટી કલેક્ટરની ઓળખ આપી મહિલાએ સોનીને ૬ લાખનો ચૂનો ચોપડ્યો



નવસારી,

નવસારીમાં ડેપ્યુટી કલેક્ટરની ઓળખ આપીને સોની વેપારી સાથે ૬ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. ખેરગામ તાલુકામાં ઝંડા ચોક નજીક આવેલા જલારામ જવેલર્સમાં એક યુવતી ખરીદી માટે આવી હતી જેણે સોનાના વેપારીને પોતે ડેપ્યુટી કલેકટર હોવાની ખોટી આળખ આપી હતી.

મહિલાએ સોનીની દુકાનમાંથી મંગળસૂત્ર, સોનાની ચેન સહિત કુલ ૬ લાખ રૂપિયાથી વધુની ખરીદી કરી હતી. યુવતીએ ખરીદી બાદ વેપારીને ચેક આપીને પેમેન્ટ કર્યું હતું. સોની વેપારીએ ચેક લઈ લીધો પરંતુ દુકાનના સંચાલકે જયારે આ ચેક બેંકમાં જમા કરાવ્યો ત્યારે ચેક બાઉન્સ થયો હતો.ચેક બાઉન્સ થતા વેપારીને કંઈ ખોટું થયાની શંકા થઈ હતી. દુકાન સંચાલકે યુવતી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે યુવતી વિશે માહિતી એકઠી કરવાની શરૂઆત કરી છે. યુવતીએ અગાઉ પણ આ રીતે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે.પોલીસે આરોપી યુવતીની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રોલ ખાતે જંગી જાહેર સભામાં પૂનમબેન માડમને મળ્યું પ્રચંડ જનસમર્થન : ભવ્ય સ્વાગત કરાયું



જામનગર : જામનગર જીલ્લામાં લોકસભાની ચુંટણીના પ્રચાર દરમ્યાન ધ્રોલ તાલુકાના લતિપુર અને હમાપર ગામે ભાજપના ઉમેદવાર પુનમબેન માડમની જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવેલ હતુ જેમા ખારવા જીલ્લા પંચાયત હેઠળ આવતા ૨૩ ગામોના આગેવાનો વિવિધ સમાજના નાગરીકો દ્વારા ભાજપના ઉમેદવારનું ભવ્ય સન્માન કરીને સ્વાગત કરીને એક તરફી મતદાર કરવાની ખાત્રી આપવામાં આવી હતી.

આ જંગી જાહેર સભામાં ભાજપના ઉમેદવાર પુનનબેન માડમ કોંગ્રેસ આકરા પ્રહારો કરીને જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ ચુંટણી સમયે જ દેખાય છે, અને પ્રજાલક્ષી કામો કરવાની જરાય રસ નથી તે સહીતના મુદે આકરા શબ્દોમાં કોંગ્રેસની જાટકણી કાઢી હતી અને વિશ્વભરની નજર ભારતની ચુંટણી પર હોય ત્યારે સતત ત્રીજી ટર્મ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ ઈતિહાસ રચવાનો છે, તેમા ધ્રોલ તાલુકો પણ સહભાગી બનીને વિકાસશીલ રાષ્ટ્ર, સુરક્ષીત રાષ્ટ સહીતના મામલે રાષ્ટ્રહિતમાં ભાજપની તરફેણમાં અપીલ કરીને જામનગર જીલ્લામાંથી વધુ એક વાર કમળને દિલ્હી મોકલવા માટે પુનમબેન માડમએ અનુરોધ કરતા એક સુરે સભામાં ઉપસ્થિતી જનમેદનીએ વધાવી લઈને ભાજપને સમર્થન આપવામાં આવ્યુ હતુ.

આ જંગી જાહેર સભામાં ભાજપના ઉમેદવાર પુનમબેન માડમનું હમાપર ગામના આહીર સમાજથી માંડીને ૨૩ ગામોમાંથી પધારેલા વિવિધ સમાજના આગેવાનો વગેરે દ્વારા અદકેરુ સન્માન કરવામાં આવ્યુ હતુ, આ સભામાં ધારાસભ્ય મેધજીભાઈ ચાવડા, જીલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા, મહામંત્રી અભિષેશભાઈ પટવા, લોકસભા બેઠકમાં પ્રભારી ભાનુભાઈ મહેતા સહિતના આગેવાનો દ્વારા સભાને સંબોધીને ભાજપએ કરેલ વિકાસના કામોના આધારે મત માંગવા થઈ રહયા છે જયારે કોંગ્રેસ પાસે કોઈ મુદો ન હોવાથી લોકોને ભડકાવીને પોતાના રાજકીય રોટલા સેકવાની રાજનીતીથી સંજાગ થવા માટે જણાવવામાં આવ્યુ હતુ.

ધ્રોલ તાલુકાના હમાપર અને લતિપુર જીલ્લા પંચાયત બેઠક ઉપર યોજાયેલ જાહેર સભામાં ધ્રોલ તાલુકા ભાજપ પુર્વ પ્રમુખ રાજભા જાડેજા, જીલ્લા પંચાયત સદસ્ય લખધીરસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા ભાજપ મહામંત્રી પ્રદિપસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ પતિ પોલુભા જાડેજા, ધ્રોલ તાલુકા ભાજપ યુવા મોરચના પ્રમુખ ક્રીપાલસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા પંચાયતના સદસ્ય મહેન્દ્રસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા ભાજપના પુર્વ મહામંત્રી બ્રીજરાજસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ નવલભાઈ મુંગરા, મહેન્દ્રભાઈ રાઘવજીભાઈ પટેલ, રસીકભાઈ ભંડેરી, તમામ સમાજ ના આગેવાનો સહીતના આગેવાનો ઉપરાંત મોટી સંખ્યામાં લોકો આ સભામાં ઉપસ્થિત રહયા હતા.

## કચ્છી ભાનુશાળી સમાજ દ્વારા જામનગરમાં આજે ૪૦મા પાટોત્સવની ઉજવણી

જામનગર : સમસ્ત ભાનુશાળી જ્ઞાતિના કુળદેવી હિંગલાજ માતાજી અને સદગુરૂ શ્રી ઓધવરામ મહારાજ વાલરામ મહારાજ, શીતલા માતાજી તથા શ્રી કૃષ્ણ ભગવાનના મંદિરોના પાટોત્સવનો દ્વિદિવસીય ઉજવણી આજે તા. ૨૯ અને તા. ૩૦ એપ્રિલના દિવસે ભક્તિભાવપૂર્વક કરવામાં આવશે.

પરમ પૂજય સંત હરિદાસજી મહારાજના આશીર્વાદ સાથે ઉજવવામાં આવનાર શ્રી મંદિરોના પાટોત્સવ પ્રસંગે આજે તા. ૨૯-૪-ના સોમવારે રાત્રે ૯ થી ૧ દરમ્યાન ૫૮ દિ. પ્લોટ, સમાજની વાડી પાસે ભવ્ય સંતવાણી સાથે જેમાં મુંબઈના ભજનિક વસંતભાઈ ભાનુશાળી તથા જીતુભાઈ વિશરીયા સંતવાણીનું રસપાન કરાવશે.

આજે તા. ૩૦-૪ ના વહેલી સવારથી હોમયજ્ઞ વસ્ત્રાભૂષણ શણગાર, નૂતન ધ્વજારોહણ, મહાઆરતીના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. સાંજે ૪-૩૦ વાગ્યે સમસ્ત ભાનુશાળી ભાવિકોની ઉપસ્થિતિમાં ઓધવધામથી શોભાયાત્રા પ્રસ્થાન થશે. જે હિરજી મિસ્ત્રી રોડ થઈ અંડર બ્રીજ પાસે આવેલા ભાનુ પાર્ટીપ્લોટમાં સંપન્ન થશે.

આ શોભાયાત્રામાં હજારો ભાવિકો, શણગારેલા રથ, ડી.જે. ના સંગીત સુરાવલીઓ સાથે સૌર્ય ગીતો, ભક્તિ ગીતોના નાદ સાથે વિવિધ માર્ગો પરથી પસાર થશે. આ શોભાયાત્રામાં ભાનુશાળી સમાજની બાળાઓ ખાસ વેશભૂષામાં સજજ થઈને દેશભક્તિની કૃતિઓ રજુ કરશે. સાંજે ૭.૩૦ વાગ્યે શોભાયાત્રા પૂર્ણ થશે. ત્યાર પછી પંદર હજાર જેટલા જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ રૂપી ભોજનની વ્યવસ્થા ભાનુપાર્ટીપ્લોટમાં કરવામાં આવી છે. સંતવાણી સ્થળે તેમજ ભાનુ પાર્ટી પ્લોટમાં ભાનુશાળી જ્ઞાતિના દિલેર દાતાઓ તથા મહાનુભાવોનો સ્વાગત સન્માન સમારોહ યોજવામાં આવ્યો છે. ઓધવધામના મંદિરોનો પાટોત્સવ પ્રસંગ સૌના ઉત્સાહ ઉમંગ સાથે રાત્રે સંપન્ન થશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમાજના પ્રમુખ મનિષભાઈ કટારીયાની આગેવાની હેઠળ કારોબારી કમિટી જહેમત ઉઠાવી રહેલ છે. ઓધવધામ મંદિરોમાં સમગ્ર પાટોત્સવ પ્રસંગમાં ભાગ લેવા કચ્છી ભાનુશાલી જ્ઞાતિજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમ સુરેશભાઈ આલારીયા (મંત્રી)એ જણાવ્યું છે.

## જામનગર નજીક વિભાપરથી રાજકોટ રોડ તરફનો ફાટકવાળો માર્ગ જુલાઈ માસ સુધી બંધ રહેશે

જામનગર : જામનગરમાં સ્થિત વિભાપર ગામ નગરસીમ વિસ્તાર, વૃંદાવન ધામ-૨, વૃંદાવન સ્કૂલની પાછળની તરફના રોડ પર આવેલા રેલવે ક્રોસિંગ નંબર ૧૯૦ પર રેલવે અંડરબ્રિજના બાંધકામની કામગીરી રેલવે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. જેથી આ રસ્તા પર ચાર માસથી વધુ સમયગાળા માટે વાહન વ્યવહાર રોકવા માટે રાહદારી રસ્તો બંધ કરવાની દરખાસ્ત જરૂરી જણાય છે. આગામી સમયમાં ચોમાસાની ઋતુમાં કામગીરીમાં અવરોધના આવે, સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ થાય અને નાગરિકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો ના પડે તેથી આ જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર આગામી તારીખ ૩૦.૭.૨૦૨૪ સુધી વિભાપર ગામથી ફાટકવાળા રોડથી ક્રિષ્ના ટાઉનશીપથી ક્રિષ્ના માર્બલ રાજકોટ રોડ તરફનો આવતો તથા જતો ફાટક વાળો રસ્તો બંધ રહેશે. તેના વૈકલ્પિક રસ્તા તરીકે રાજકોટ રોડ પરથી વિભાપર અવર જવર કરવા માટે ગુલાબનગર પહેલા ઢાળિયાથી વિભાપર ગામ તરફ જતો આવતો રસ્તો કાર્યરત કરવામાં આવ્યો છે.

ઉક્ત જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલિક અસરથી અમલમાં લાવવામાં આવે છે. અત્રે જણાવેલા પ્રતિબંધાત્મક હુકમનો ભંગ કરનારી કે ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ શિક્ષાને પાત્ર થશે.

## જામનગરમાં વડાપ્રધાનની સભા સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કરતાં રાજ્યના ગૃહમંત્રી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં આગામી બીજી મેના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા યોજાઇ રહી છે, ત્યારે ગુજરાત રાજ્યના ગૃહરાજ્ય મંત્રીએ ગઈ રાત્રે ઓચિંતી જામનગરની મુલાકાત લીધી હતી, અને જામનગર જિલ્લાના વહીવટી તંત્ર તેમજ પોલીસ અધિકારીઓની સાથે સભા સ્થળની વિઝીટ લઈ જાત નિરીક્ષણ કર્યું હતું.

ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી એક સપ્તાહમાં બીજી વખત જામનગરની મુલાકાતે આવ્યા હતા, અને તેઓએ આગામી ૨જી મેના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભા યોજાવા જઈ રહી છે, ત્યારે સુરક્ષાના ભાગરૂપે ગત રાત્રે ૧૦.૦૦ વાગ્યે જામનગરના પ્રદર્શન મેદાનમાં યોજનારી જાહેરસભાના સ્થળનું જાત નિરીક્ષણ કર્યું હતું. જેઓની સાથે રાજકોટ રેન્જના આઈ.જી.પી. અશોકકુમાર યાદવ, જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ તેમજ અન્ય પોલીસ અધિકારીઓ તથા જામનગર શહેરના ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક હોદ્દેદારો વગેરે જોડાયા હતા અને સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા વિચારણા કરી હતી.


## જામનગરમાં એડવોકેટની હત્યા કેસના ફરાર આરોપીની જામીન અરજી રદ

જામનગર : જામનગરમાં માર્ચ માસમાં એડવોકેટની થયેલી હત્યાના ચકચારી કેસના આરોપીની આગોતરા જામીન અરજી અદાલતે રદ કરી છે.

શહેરના બેડી વિસ્તારમાં તા.૧૩ માર્ચની સાંજે એડવોકેટ હારૂનભાઈ પલેજાની હત્યાના બનાવથી વિસ્તારમાં અને હાલારની વકીલ આલમમાં ખળભળાટ મચી ગયો હતો. વકીલોએ રોષભેર રજુઆતો સાથે જિલ્લા પોલીસ વડા અને કલેકટરને આવેદનો આપ્યા હતાં.

આ કેસમાં અત્યાર સુધીમાં ૧૪ આરોપીઓની ધરપકડ થઈ ચુકી છે. પરંતુ બનાવના દિવસથી પોલીસના હાથમાં ન આવેલા અસગર જુસબ સાયચા નામના આરોપીએ પોતાને સંડોવી દેવાયાના મુદ્દે આગોતરા જામીન અરજી મુકી હતી. જેની સુનવણી સેસન્સ અદાલતમાં ચાલી જતાં કેસના સરકારી વકીલ પીયુષજે.પરમારએ અદાલતને રજુઆત કરી હતી કે, આ કેસ એક પ્રેક્ટીસ કરતા અને એક આત્મહત્યાની દુપ્રેરણાનો કેસ લડી રહેલા વકીલની હત્યાનો કેસ છે. તેઓ રજાક સાથેચા સહિતના અન્ય બે આરોપીઓ સામેનો કેસ લડી રહ્યા હતાં. તેઓની હત્યાના બનાવના દિવસથી અરજદાર નાસતો ફરે છે. હત્યાના કથિત કાવતરાની મિટીગોની વિગતો માટે તેની કસ્ટોડીયલ પુછપરછ જરૂરી છે. તેના મોબાઈલમાંથી તપાસનીસ અધિકારીને કિંમતી માહિતી મળી શકે તેમ છે. અદાલતે બન્ને પક્ષોની રજુઆતો દલિલો બાદ સરકારી વકીલની રજુઆતો ગ્રાહ્ય ગણી વકીલના હત્યાના કેસમાં આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી છે.

## જામનગરમાં અંબર ચોકડી નજીક બિલ્ડીંગના ચોથા માળે ઓફિસમાં આગ લાગતા દોડધામ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં અંબર ચોકડી નજીક આવેલા એક કોમર્શિયલ બિલ્ડીંગના ચોથા માળે આવેલી એક ઓફિસમાં અકસ્માતે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને એર કન્ડિશન મશીન-કોમ્પ્યુટર વગેરે સળગી ઉઠયા હતા. ફાયર બ્રિગેડની ટુકડીએ આગને કાબુમાં લીધી હતી.

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં અંબર ચોકડી પાસે આવેલા ન્યુ સ્કવેર બિલ્ડીંગના ચોથા માળે આવેલી ઓનાલી એમ. મોદીની માલિકીની ઓફિસમાં ગઈકાલે એર કન્ડિશન મશીનના વાયરીંગમાં અકસ્માતે શોર્ટ સર્કિટ થયું હતું અને આગ લાગી ગઈ હતી. જેના કારણે કોમ્પ્યુટર મશીન-એર કન્ડિશન મશીન સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણ સળગી ઊઠયા હતા. આગના બનાવની જાણ થતાં ફાયર શાખાની ટુકડી તૂરતજ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેતાં આગ વધુ પ્રસરતી અટકી હતી.

## જામનગરમાં તળાવની પાળે ૩૦ એપ્રિલ થી ૮ મે સુધી શ્રીરામ કથા યોજાશે

જામનગર : જામનગરમાં શ્રી બાલા હનુમાનજીના સાંનિધ્યમાં શ્રી રામચરિત માનસ નવાન્હ પારાયણ (શ્રીરામ કથા)નું આયોજન તા. ૩૦-૦૪-૨૦૨૪ થી તા. ૦૮-૦૫-૨૦૨૪ સુધી બપોરે ૩-૩૦ થી સાંજે ૭-૩૦ વાગ્યા દરમિયાન શ્રી સત્યનારાયણ મંદિર પાસે, તળાવની પાળે, જામનગરમાં કરવામાં આવ્યું છે. જેમાં જામનગરના જાણીતા કથાકાર વિદુષી અંજનાબેન રામાયણી તેમની સંગીતમય શૈલીમાં કથાનું મધૂર રસપાન કરાવશે.

આ શ્રીરામ કથાના પાવનકારી પ્રસંગોમાં તા. ૩૦-૦૪-૨૦૨૪ (મંગળવાર)ના સાંજે ૪ વાગ્યે શ્રી બાલા હનુમાન મંદિરથી કથા સ્થળ સુધી પોથી યાત્રા રાખવામાં આવી છે. વિશેષમાં શ્રી રામ કથા મહાત્મ્ય, તા. ૧ના મા પાર્વતી તપશ્ચર્યા, તા. ૨ ના શિવ વિવાહ, તા. ૩ના શ્રી રામ જન્મ મહોત્સવ, તા. ૪ના ધનુષ્ય ભંગ, તા. ૫ના શ્રીરામ વિવાહ, તા. ૬ના કેવટ પ્રસંગ, તા. ૭ના શબરી પ્રસંગ તથા તા. ૮ના શ્રીરામ રાજ્યાભિષેક યોજાશે. આ શ્રી રામ કથાના આયોજનમાં શ્રી બાલાહનુમાન રામધૂન ભક્ત મંડળ, ભાઈઓ તથા બહેનોનો સહકાર પ્રાપ્ત થયો છે.

## દ્વારકામાં સંત શિરોમણી સદગુરુ દેવ શ્રી પ્રેમભિક્ષુજી મહારાજની ૫૪ મી પુણ્યતિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો



તસવીર: રાકેશ સામાણી

દ્વારકામાં ચૈત્ર વદ પાંચમ ગઈકાલે સોમવારના રોજ સંત શિરોમણી કરુણા અવતાર સદગુરુ શ્રી પ્રેમ ભિક્ષુજી મહારાજ ની ૫૪ મી પુણ્યતિથિ ઉત્સવ અખંડ હરિનામ સંકીર્તન મંદિર રામધૂન દ્વારા ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી જેમાં સવારે ૮:૩૦ વાગ્યે સમુદ્ર પૂજન, ૧૦:૩૦ વાગ્યે અભિષેક પૂજન, બપોરે ૧૨ વાગ્યે ઉત્સવ આરતી તેમજ બપોરે ૧૨:૩૦ વાગ્યે શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ બ્રહ્મપુરી નંબર ૧ માં મહાપ્રસાદનું આયોજન કરાયું હતું અને સાંજે શહેરના રાજમાર્ગો પર શ્રી રામ જય રામ જય જય રામના મહામંત્ર સાથે ઢોલનગારા સાથે નગર કિર્તન નીકળેલ જેમાં બહોળી સંખ્યામાં દ્વારકાવાસીઓ તેમજ બહારથી પધારેલા ભાવિકો જોડાયા હતા.

## જામનગરની મેડીકલ કોલેજમાં નવજાત શિશુઓના સુપર સ્પેશિયાલિસ્ટોની જગ્યા ખુલી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં આવેલી એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન ગુરુગોવિંદસિંહ હોસ્પિટલના નવજાત શિશુ વિભાગની કામગીરી અને આધુનિક સગવડતાઓના ઈન્સ્પેક્શન બાદ આ વિભાગને કેન્દ્ર સરકારની નેશનલ નીઓનેટોલોજી ફોરમ ઓફ ઈન્ડિયા દ્વારા ડોક્ટરીમાં માસ્ટર્સ ડીગ્રી પ્રાપ્ત કરનાર ડોક્ટરોને વધુ ભણતર માટે સુપર સ્પેશ્યાલીસ્ટની ફેલોશીપ આપવાની મંજુરી આપવામાં આવતાં હવે અહીં ડોક્ટરો સુપર સ્પેશ્યાલીટીની ડીગ્રી મેળવી શકશે. નવજાત બાળકોના વિભાગમાં આવી ફેલોશીપની મંજુરી મેળવનાર જામનગરની જી.જી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજ પ્રથમ છે. સૌરાષ્ટ્રની મોટામાં મોટી એવી જી.જી. હોસ્પિટલનો બાળકોનો વિભાગ વિશાળ છે. અહીં ઓક્સિજન લાઈન કનેક્ટેડ ૨૦૦ બેડ, ૯ આઈસીયુ સહિતની સુવિધા છે. આ ઉપરાંત હોસ્પિટલના નવજાત શિશુ વિભાગમાં દર વર્ષે ૭૫૦૦ બાળકો જન્મે છે. તાજા જન્મેલા બાળકોમાંથી સંખ્યાબંધ અધુરા મહિને જન્મેલા હોય તેવા ઓછા વજનવાળા, શ્વાસની તકલીફવાળા તેમજ કમળાવાળા પણ હોય છે. અમુકને જન્મતાવેંત લોહી ચડાવવું પડે છે. તો અમુકને સીધી સર્જરી કરાવવી પડે છે. આ અંગે આ વિભાગના ઈન્ચાર્જ વડા ડો. મૌલિક શાહ જણાવે છે કે, ગત મહીને નેશનલ નિયોનેટોલોજી ફોરમ ઓફ ઈન્ડિયાના તજજ્ઞોએ હોસ્પિટલના નવજાત બાળકોના વોર્ડની મુલાકાત લીધી હતી. તેઓએ રેકર્ડ ઉપરાંત અહીંની સગવડતાઓ ચકાસી હતી. જામનગરની જી. જી. હોસ્પિટલમાં દર વર્ષે અન્ય ખાનગી હોસ્પિટલો અને સ્થળોએથી ૧૫૦૦ નવા જન્મેલા બાળકોને સારવાર માટે રીફર કરવામાં આવે છે. જેમાંથી દર વર્ષે ૭૦થી વધુની સર્જરી પણ થાય છે. હોસ્પિટલના નવજાત શિશુ વિભાગ દ્વારા આઈસીયુ ઓન વ્હિલ્સ જેવી ૧૦૮ એક એમ્બ્યુલન્સ પણ છે. આ બધી સુવિધાઓ ધ્યાને લઈને નવજાત શિશુ વિભાગને દર વર્ષે બે ડોક્ટરો અને ચાર નર્સિંગ સ્ટાફની ફેલોશીપની મંજુરી મળતાં જામનગરમાં નવજાત શિશુઓમાં સુપર સ્પેશ્યાલીસ્ટનું ભણતર શરુ થઈ શકશે.

જામનગર જિલ્લાના મુસ્લીમ સમાજના યુવા અગ્રણી ભૂરાભાઈ ખફીનો આજે જન્મદિવસ



જામનગર : જામનગર જિલ્લાના મુસ્લીમ સમાજના યુવા અગ્રણી, શહેર ભાજપ લઘુમતિ મોરચાના પ્રભારી, સામાજીક કાર્યકર ઈકબાલભાઈ (ભૂરાભાઈ) ખફી નો આજેજન્મદિવસ છે. લઘુમતી સમાજમાંથી આવતા અને મસીતીયા ગામના રહેવાસી મધ્યમવર્ગી ઈકબાલભાઈ વિધાર્થીકાળથી જ જાહેર જીવન તેમજ સામાજીક અને રમત-ગમત ક્ષેત્રે તથા રકતદાન સહિતની સેવા ક્ષેત્રે સંકળાયેલા રહયા છે અને અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેમણે જામનગર જિલ્લા યુવા સુમરા સમાજના પ્રમુખ તરીકે સેવા આપેલી છે. તેમજ ટેલીફોન એડવાઈઝરી કમીટીમાં સભ્ય હતા. રકતદાતાઓને, યુવા ખેલાડીઓને તેમજ સમાજ સેવા કરનારાઓને તેઓ તન-મન-ધનથી હંમેશા પ્રોત્સાહીત કરતા આવ્યા છે. તેઓના મોબાઈલ નં. ૯૬૨૪૦૭૦૭૮૬, ૯૪૨૮૬૭૦૭૮૬ ઉપર શુભકામનાઓનો ધોધ વહી રહયો છે.

### લક્ષ્મીદાસ રામજી પાબારી પરિવાર દ્વારા

## દ્વારકામાં ગુગળી બ્રાહ્મણ તથા સમસ્ત લોહાણા સમાજનું આવતીકાલે સમુહ મહાપ્રસાદી

દ્વારકા : દ્વારકાના શાકભાજી તથા ફ્રુટની પેઢી લક્ષ્મીદાસ રામજી પાબારી પરીવાર (એલ.આર.ગૃપ) દ્વારા ગો.વા.જયતી ડાયાલાલ પાબારી (રાધુ) તથા સમસ્ત પિતૃઓના મોક્ષાર્થે તથા આત્મકલ્યાણર્થે ચાલતી શ્રીમદ્ ભાગવત સપ્તાહના પુર્ણાહુતિ પ્રસંગે આવતીકાલે તા ૧-૫-૨૦૨૪ બુધવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે દ્વારકાના ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્તને સમુહ મહાપ્રસાદી તથા રાત્રે ૭:૩૦ કલાકે દ્વારકાના સમસ્ત લોહાણા સમાજ તથા આમંત્રિત મહેમાનો માટે સમુહ પ્રસાદીનો કાર્યક્રમ ગુગળી બ્રાહ્મણ બહમપુરી નં ૧ દ્વારકા મુકામે રાખેલ છે. જ્ઞાતિના સમુહ પ્રસાદીના કાર્યક્રમમાં બંને સમાજના પરિવારોને પધારવા એલ.આર.ગૃપ વતી પ્રાણજીવનભાઈ લક્ષ્મીદાસ પાબારી તથા બિપીનભાઈ લક્ષ્મીદાસ પાબારી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

## જામનગરના વત્સલ સોરઠીયાએ દુબઈમાં ભારતનું નામ રોશન કર્યું



જામનગર : દુબઈમાં બુડો કાન કપ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપનું તા ૨૮.૪.૨૦૨૪ ના દિવસે આયોજન થયું હતું, જેમાં ૨૦ થી પણ વધારે દેશોએ ભાગ લીધો હતો. જેમાં જામનગરના જાણીતા લાયન્સ કરાટે ક્લબના વત્સલ સોરઠીયાએ ભાગ લીધો હતો, અને ગોલ્ડ મેડલ મેળવી પરિવારનું, સમાજનું અને સમગ્ર ભારતનું નામ રોશન કર્યું હતું. વિજેતા ખેલાડીને લાયન્સ કરાટે ક્લબના ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ નિતેશ મકવાણાએ તાલીમ આપી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ઈવીએમ નિર્દોષ

જ્યારે જ્યારે સત્તાધારી પક્ષને જંગી બહુમતી મળે છે ત્યારે વિરોધ પક્ષો ઇ વી એમ ને એમને જવાબદાર ઠેરવી સુપ્રીમ કોર્ટમાં અરજી કરે છે કે ઇવીએમ માં ડખા થયા છે!! ત્યાંથી ભાજપના ઉમેદવારો જંગી બહુમતીથી જીતે છે અને અમે હારીએ છીએ. પરંતુ જ્યારે વિરોધ પક્ષોના પોતાના ઉમેદવાર જંગી બહુમતીથી જીતે છે ત્યારે તેને માટે ઇવીએમ વિશ્વાસપાત્ર ઓટોમેટીક બની જાય છે! આમ છતાં અત્યાર સુધીમાં વિરોધ પક્ષો દ્વારા એવી એવીએમ સામે અવિશ્વાસ જગાવતી ૪૦ કરતા વધુ અરજીઓ કરવામાં આવી છે આ વખતે ફાઇનલ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે એવી એમને સુરક્ષિત જાહેર કર્યું છે અને એવીએમ તથા વિવિ પેટની સો ટકા ચકાસણીની માગણી ફગાવી દીધી છે

જેની વિશ્વસનીયતા સામે અનેકવાર - આશંકાની આંગળી ઉઠાવવામાં આવી છે તે ઈવીએમને સુપ્રીમ કોર્ટે ક્લીનચીટ આપતાં ઈવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) વીવીપેટ (વોટર-વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ) ના ૧૦૦ ટકા મેળાપકની માગ કરતી તમામ અરજીઓ ફગાવી દઈ મશીનની વિશ્વસનીયતા અને નિષ્પક્ષતા પર મહોર લગાવી છે. સુપ્રીમ કોર્ટના બન્ને જજે સહમતિથી ઈવીએમની તરફેણમાં ચુકાદો આપીને મહત્વનો નિર્દેશ તથા ટિપ્પણી કરી હતી. સુપ્રીમે બેલેટ પેપરથી મતદાન કરાવવાની માગ પણ નામંજૂર કરી છે. ચુકાદો સંભળાવતાં જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું કે અમે તમામ અરજીઓ નામંજૂર કરી છે. લોકતંત્ર પોતાના વિભિન્ન સ્તંભો વચ્ચે સદભાવ અને વિશ્વાસ પર આધારિત છે. જેના પર કોર્ટનું વલણ સાક્ષ્યો પર આધારિત છે. જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે કોઈ પ્રણાલી પર આંખો બંધ કરીને સંદેહ કરવો યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે અમારા અનુસાર સાર્થક આલોચનાની જરૂર છે. પછી તે ન્યાયપાલિકા હોય, વિધાયિકા વગેરે હોય. વિશ્વાસ અને સહયોગની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને આપણે લોકતંત્રના અવાજને મજબૂત કરી શકીએ છીએ.

ઈવીએમ-વીવીપેટના મેળાપકની માગ કરતી અરજીઓ પર ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈવીએમ પર શંકા દર્શાવતી અરજીઓ પહેલા પણ દાખલ થતી રહી છે. હવે આ મુદા પર હંમેશ માટે વિરામ લાગવો જોઈએ.આગળ જતાં જયાં સુધી ઈવીએમ વિરુદ્ધ કોઈ સજ્જડ પુરાવા ન હોય, વર્તમાન વ્યવસ્થા નિરંતર સુધાર સાથે લાગુ રહેવી જોઈએ. મતદાન માટે ઈવીએમને બદલે બેલેટ પેપર કે અન્ય કોઈ પાછળ લઈ જતી વ્યવસ્થાને અપનાવવાથી બચવું જોઈએ. વિરોધ પક્ષોએ એકવાર નહીં પરંતુ ૪૦ વાર એવી એમની કાર્ય પ્રણાલી પર શંકા ઉઠાવતી અરજીઓ કરી છે આ તમામ અરજીઓ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ચૂંટણી પંચના અધિકારીઓએ પ્રતિક્રિયા આપી કે ઓછામાં ઓછી ૪૦ વાર ઈવીએમની વિશ્વસનીયતાને પડકારતી અરજીઓને અદાલતોએ નામંજૂર કરી છે. સીઈસી રાજીવ કુમાર અનુસાર ઈવીએમ ૧૦૦ ટકા સુરક્ષિત છે અને તમામ રાજકીય દળો દિલથી જાણે છે કે મશીનમાં કોઈ ખરાબી નથી. ઈવીએમ નિષ્પક્ષ છે.

નોટા વિશે ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટની બેંચે ચૂંટણી પંચને નોટિસ જારી કરી છે અને જવાબ માગ્યો છે. અરજીમાં માગણી કરવામાં આવી છે કે જે ઉમેદવારો નોટા સામે હારે તેના ઉપર પાંચ વર્ષ માટે ચૂંટણી લડવાથી પ્રતિબંધ લાગુ કરવો જોઈએ. સુરત લોકસભા બેઠક ઉપર ભાજપ ઉમેદવાર નિર્વિરોધ જીતવાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે ત્યાં ભાજપ ઉમેદવાર એકલા જ બચ્યા હતા. તમામ મત એક જ ઉમેદવારને જવાના હતા. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચે નોટાને પણ એક ઉમેદવાર તરીકે ગણવો જોઈએ. આ ઉપરાંત ચૂંટણીમાં સૌથી વધારે મત નોટાને મળે તો ફરીથી ચૂંટણી કરાવવી જોઈએ. લોકસભા, વિધાનસભા સહિતની ચૂંટણીમાં નોટાની અમલવારી ૨૦૧૩થી કરવામાં આવી છે.

# ભાઈબંધોની સખાવત

## એક અમીર, બીજો મધ્યમ અને ત્રીજો ગરીબ વર્ગનો એવા ત્રણ ગામડિયા બાળ ગોઠિયા-લંગોટિયા ભાઈબંધની ત્રિપુટી અકબંધ રાખીને ગરીબને પણ શહેરમાં ભણવા માટે સાથે લાવનાર બે મિત્રોની સખાવત

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

ગામના પાદરમાં કનુનું છેલ્લું ઘર એટલે ડેલું ઉઘાડતો તે હડી કાઢીને સામેની કેડીએ દોટ દેતો. કેડીનો ઢોળાવ ઉતરે એટલે ચોખ્ખા પાણીથી વહેતી નદી અને કિનારાની મુલાયમ રેતીના સામ્રાજ્યમાં પોતે ઓતપ્રોત થઈ જતો.ત્યાં તો થોડીવારમાં ગામમાંથી તેની હેડીનાં ટાબરિયાં મનુ અને ટીનુ દોડાદોડ આવી પહોંચતાં.

આ ત્રણેય ટાબરિયાં નદીકાંઠે રોજ અર્ધો દિ' કાઢી નાખે. આછાં તેલ જેવાં ઘૂંટણ સમાણાં નદીનાં વહેતાં પાણીમાં ધૂબકા મારે અને નદીની રેતીમાં ઘરઘોલકાં બનાવીને ક્યાંય લગી રમ્યા કરે તોય એકેયનાં ઘરેથી કોઈ બોલાવા આવે નહીં. રોટલા વેળા થાય એટલે આપમેળે ત્રણેય ઘરભેળાં થઈ જાય.

આ ગામડાનું પાદર તો ભારે રળિયામણું ! ત્યાંથી કેડીનો ઢોળાવ ઉતરે એટલે આ લીલકા નદીનો કિનારો અને સામેના કાંઠે ભીમનાથ મહાદેવનું પુરાતનિક મંદિર. જેની અડખે પડખે ખખડધજ મહાવૃક્ષોની છાયામાં ગામનાં ઢોર બેઠાં હોય. સૂરજ તપે ત્યારે નદીની ભેખડનાં કોતરોમાં ઊગી નીકળેલી નાની વનસ્પતિઓનાં પ્રતિબિંબ નદીનાં વહેતાં આછાં પાણીમાં ઝીલાય. તે પ્રતિબિંબમાં ભેખડો પછીના કિનારે ઊભેલા મંદિરનું શિખર અને તેના પર લહેરાતી ધજા પણ તરંગાયા કરે. વળી, તોતિંગ વૃક્ષોના પડછાયા પણ એ પાણીમાં કળાય ખરા. આ બધો કુદરતી નજારો માણીને ત્રણેય ટાબરિયાંનાં મન અહીં પ્રસન્નતાનાં હિલ્લોળાં લે.

ઘરે જઈને બપોરનું જમણ લીધા પછી ત્રણેય ગામની નિશાળે ભણવા ઉપડે. સાંજે નિશાળથી છૂટે એટલે ઘરેથી મગફળી ને ગોળનું દડબું લઈ ખભે દફ્તર ભરાવી પાછા નદીની રેતમાં ધામા નાખે. નિશાળેથી આપેલું લેશન પણ અહીં બેસીને કરતી વખતે શિંગદાણા અને ગોળનું કટકબટક કરવાની મોજ માણે. સંધ્યાના સમયે ઝાલરટાણું થઈ ગયું એનો સાદ તો



ભીમનાથ મંદિરે મહારાજગિરિ બાપુએ કરેલા શંખનાદથી સંભળાય. એટલે ખભે દફ્તર નાખતાં ત્રણેય મંદિરની સાયં આરતીમાં પહોંચી જાય.

એવું મજાનું બાળપણ ગામડાની ભાતીગળ પ્રકૃતિમાં માણનારાં આ ત્રણેય જોતજોતામાં તો બાર વર્ષની ઉંમરે પહોંચી ગયાં.પોતાના ગામની નિશાળમાં સાત ધોરણથી વધુ ભણવાની વ્યવસ્થા ન હતી. તેથી વધુ ભણવા માટે તો આ ગામથી પાંચેક કિમી. દૂર આવેલા તાલુકા મથકે ત્રણેય જણે દરરોજ પગપાળા ભણવા જવાનું શરૂ કરી દીધું. એક ટંકનું ભાથું સાથે લેવાનું. જેમાં ભાખરી, ગોળ અને ઘી તથા ઘરે બનાવેલી મધુર છાશ, જેમાં માગણના ફોદા તરતા હોય, તેની ભરેલી બરણી ને માદરપાટ કાપડની થેલીનું દફ્તર લઈને ભણવા ઉપડવાનું. આમ ધૂળિયે મારગ દરરોજ ભણીને આવતાં દસેક કિમી.ની પગપાળા ખેપ મારવામાં એમને કદી આળસ નહોતી થાતી.

આ ત્રણેય મિત્રોએ નદી તટે સાંજના ટાણે ઝાડની શીતળ છાયામાં બેસીને દરરોજનું લેશન કરી લેવાનો નિયમ સાચવી રાખ્યો છે. મંદિરનો ઘંટારવ,પક્ષીઓનો કલરવ, શાંત ક્ષણો વચ્ચે નદીમાં વહેતાં પાણીનો ઝીણેરો રવ અને પવનની લહેરખી માણતાં મહાવૃક્ષોનાં પર્ણોની સંભળાતી ગેબી સિતારીનો આનંદ માણનારા આ ત્રણેય વિદ્યાર્થીઓને પ્રકૃતિની ગોદમાં શિક્ષણનું ભણતર અને આંતર મનનું ઘડતર કોઠે પડી ગયું.

તાલુકા મથકેથી મેટ્રિકની પરીક્ષામાં ત્રણેયને જ્વલંત સફળતા મળી. હવે તો ઉચ્ચ શિક્ષણ માટે જિલ્લા મથકે, મોટા શહેરમાં ભણવા જવાનો વિચાર કરવાનો હતો. કનુના ઘરને એ પોસાય તેમ હતું. કારણ કે એનું ખોરડું ખમતીધર હતું. જ્યારે મનુના ઘરની સ્થિતિ મધ્યમ હોવા છતાં એને શહેરમાં ભણાવવાનો ખર્ચ નીકળી તો શકે પણ ટીનુના ઘરની સ્થિતિ સારી નહોતી. એને મોટા શહેરમાં મોકલીને ભણાવવાનું એના ઘરનું ગજું ન હતું.

આ ત્રણેય બાળ ગોઠિયા,એવા લંગોટિયા ભાઈબંધ કે એકેયને છૂટા પડવાનું મન માનતું નહીં. કનુના ઘરે તો તેને શહેરમાં ભણવા મોકલવાની તૈયારી શરૂ કરી દીધી.મનુનાં માબાપ અવઢવમાં ખરા પણ કનુનાં માબાપે તેમને મનોમન ટેકો કરીને બન્ને છોકરાના સથવારાના બહાને એમને ય તૈયાર કરી લીધાં. બેમાંથી એકેય ઘર બિચારા ટીનુના ગરીબ ઘરનો વિચાર કરતું નથી. ટીનુને પોતાના બન્ને ભાઈબંધો ભેળું શહેરમાં ભણવા જવાનું મન છે પણ એના ખર્ચનું શું ?

ગામને પાદર લીલકા નદીના કિનારે આ ત્રણેય મિત્રો દરરોજ બેસવા જાય છે. ઝાલર ટાણે ભીમનાથ મહાદેવના મંદિરની આરતીમાં પણ સાથે જ રહે છે. પોતાની આર્થિક પરિસ્થિતિ અનુસાર ટીનુ હવે સમજપૂર્વક બન્ને ભાઈબંધોથી અળગો થવાનો પ્રયત્ન કરે છે પણ બાકીના બન્ને એને જરાય અળગો રાખવા માગતા નથી. સાંજે મંદિરની આરતી પૂરી કરીને વર્ષોના ક્રમ પ્રમાણે ત્રણેય ગામ ભણી ચાલતા થયા ત્યારે ટીનુએ મન ખોલીને જણાવી દીધું, 'હવે આપણે એકબીજાથી છૂટા પડવાની ટેવ પાડવી પડશે.'

કનુ : એવું કેમ?

ટીનુ : તમારે બન્નેને ભણવા માટે શહેરમાં રહેવા જવાનું છે ને !

મનુ : તારે પણ આવવાનું જ છે ને.

ટીનુ : અમારાથી શહેરનો ખર્ચ પોસાય એમ નથી.

કનુ : શહેરમાં એક ઓરડી ભાડે રાખીને તેમાં રહેવાનું અને જાતે રસોઈ બનાવી લેવાની વાત છે.

ટીનુ: એ તો ઠીક પણ ઓરડીનું ભાડું અને ખાધાખોરાકીનું અમારી જેવા ગરીબને પોસાય ખરું ?

મનુ: તું એની ફિકર કર મા.

ટીનુ : તો શું કરું ?

કનુ : આપણા ત્રણેયને રહેવા જમવાનો ખર્ચ અમારા બન્ને માથે.

ટીનુ : એવું તે કાંઈ હોય ! તમારા બન્નેનાં ઘરે આવાતનનો સ્વીકાર કોઈ નહીં કરે.

મનુ : એ બધું તારે વિચારવાનું નથી.

ટીનુ : તો કોણ વિચારે ?

કનુ : મેં અને કનુએ બધું વિચારી લીધું છે. અમારા ઘરે કોઈ આ વાતમાં આનાકાની કરે તો અમારે પણ ભણવા જાવું નથી, એટલું કહીને અમે બન્ને અમારા ખર્ચે તને સાથે રાખવાની હઠ પકડીને બેસીશું.

ગામના પાદરમાં આવીને ત્રણેય પોતપોતાનાં ઘર તરફ વળ્યા. ટીનુની ગરીબાઈના કારણે તેને પોતાનાથી છૂટો નહીં પાડવાની કનુ અને મનુની મક્કમતા સફળ રહી.પંદરમી જૂને શહેરમાં એક ઓરડી ભાડે રાખીને તેમાં કનુ, મનુ અને ટીનુ ભાઈબંધની ત્રિપુટી સંયુક્તપણે રહેવા આવી ગઈ છે. સમયના સથવારે ત્રણેય યુવાનો ભણવામાં અને વ્યક્તિત્વ ઘડતરમાં ભારે પાવરધાં બનતા જાય છે.

# અયોધ્યાને કોરિયા સાથે છે ખાસ સંબંધ

## અયોધ્યાની રાજકુમારીએ સપનાના રાજકુમારને મળવા પાર કર્યો ૪૫૦૦ કિમી દરિયો : ૧૬ વર્ષની ઉંમરે છોડી અયોધ્યા

કરંટ ટોપિક

અયોધ્યા અત્યારે દેશમાં જાણીતું સ્થાન બન્યુ છે. અયોધ્યાનો કોરિયા સાથેનો ખાસ સંબંધ સામે આવ્યો છે. અયોધ્યાની રાજકુમારી પોતાના સપનાના રાજકુમારને મળવા દરિયો પાર કર્યો હતો. આ વાત ૨૦૦૦ વર્ષ પહેલાની છે, જ્યારે અયોધ્યાની રાજકુમારી, સુરિરત્ન ૪૫૦૦ કિલોમીટરનો સમુદ્ર પાર કરીને કોરિયા પહોંચી તેના સપનાના રાજકુમારને મળી હતી. તેણીએ ગયા અથવા કરક સામ્રાજ્યની સ્થાપના કરનાર કોરિયાના રાજા કિમ સુરો સાથે લગ્ન કર્યા. આ પછી રાજકુમારી સૂરીરત્નાને રાણી હ્યુ હવાંગ-ઓક તરીકે ઓળખવામાં આવી. ઇતિહાસકારો કહે છે કે રાજકુમારી અને રાજકુમાર વિશે વધુ માહિતી ન હોવા છતાં, આજે કોરિયામાં બંનેના ૬ મિલિયનથી વધુ વંશજો છે, જેની સંખ્યા સમગ્ર કોરિયન વસ્તીના લગભગ ૧૦ ટકા છે. ત્યારથી આજ સુધી કોરિયન લોકો અયોધ્યાને પોતાનું માતૃસ્થાન માને છે. ૨૦૧૯ માં, ભારત અને કોરિયાએ સંયુક્ત રીતે રાજકુમારી સૂરીરત્નની યાદમાં પોસ્ટેજ સ્ટેમ્પ બહાર પાડ્યો હતો.

બૌદ્ધ સાધુ અને ઈતિહાસકાર ચેઓનના કોરિયન ઐતિહાસિક લખાણ સામગુક યુસા અનુસાર, રાજકુમારી સુરીરત્ના અયુતા, અયોધ્યાથી વર્તમાન દક્ષિણ કોરિયા આવી હતી. તે ગિમ્હેના રાજા સુરોની રાણી બની હતી, જેમણે કોરિયાના પ્રારંભિક પ્રાંત, પ્રાચીન કરક કિંગડમ (૧લી સદી બીસી)ની સ્થાપના કરી હતી.

બનારસ હિન્દુ યુનિવર્સિટીના પ્રોફેસર રાણા પીબી સિંહ અને દીન દયાલ ઉપાધ્યાય ગોરખપુર યુનિવર્સિટીના સર્વેશ કુમારે અયોધ્યા અને કોરિયા વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો પર એક સંશોધન કર્યું છે, જેનું નામ છે – ઈન્ટરફેસિંગ કલ્ચરલ લેન્ડસ્કેપ્સ ભારત અને કોરિયા વચ્ચે. તે કહે છે કે જ્યારે અયોધ્યાની રાજકુમારીએ ચોથી સદી બીસીમાં કોરિયાના ગિમ્હે શહેરના રાજા સુરો સાથે લગ્ન કરવા ઘર છોડ્યું ત્યારે તે ૧૬ વર્ષની હતી. તે સમયે અયોધ્યાનું નામ સાકેત હતું. ખરેખર, પ્રિન્સેસ સુરીરત્નાના માતા-પિતાએ એક સ્વપ્ન જોયું હતું જેમાં એક દૈવી અવાજે તેમને તેમની પુત્રીને ગિમ્હે મોકલવાની સૂચના આપી હતી. કારણ એ હતું કે ગિમ્હાનો રાજા સુરો પોતાના માટે યોગ્ય રાણીની શોધમાં હતો.

રાજકુમારીના ૧૦માંથી ૯ બાળકો બૌદ્ધ સાધુ બન્યા. કોરિયાની હાન્યાંગ યુનિવર્સિટીના પ્રોફેસર કિમ બ્યુંગ મોના જણાવ્યા અનુસાર, અયોધ્યા અને કોરિયા વચ્ચે આનુવંશિક જોડાણ હતું. તે એમ પણ કહે છે કે કોરિયાની બે તૃતીયાંશ વસ્તી કરક રાજવંશની છે, જે રાજકુમારી સુરીરત્ના અને રાજા સુરોના વંશજ છે. તેમના જણાવ્યા મુજબ, બંનેને ૧૦ બાળકો હતા, જેમાંથી ૯ બૌદ્ધ ભિક્ષુ બન્યા હતા. ત્યારથી કોરિયન લોકો અયોધ્યાને પોતાનું માતૃસ્થાન માને છે.

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૦ ના રોજ, ગિમ્હે શહેરના મેયર સોંગ યુન બોકનું પ્રતિનિધિમંડળ અયોધ્યાનું સિસ્ટર સિટી બન્યું. તેમણે અયોધ્યાને ગિમ્હેની સિસ્ટર સિટી બનાવવાની હિમાયત કરી હતી. ત્યારબાદ, રાજકુમારી સૂરી રત્નની યાદમાં ગિમ્હેમાં એક સ્મારક બનાવવામાં આવ્યું હતું. ૨૦૦૦ માં જ, કોરિયન સરકારે અયોધ્યાને ગિમ્હેની સિસ્ટર સિટી તરીકે જાહેર કર્યું. આ સ્મારક પર લખેલું છે કે રાણી હ્યુ સરયુ નદીના કિનારે આવેલી અયોધ્યાની રાજકુમારી હતી. તેમના પિતા અયોધ્યાના રાજા હતા. રાજકુમારીએ સમુદ્ર પાર કરીને દક્ષિણ કોરિયાના કરાક રાજ્યમાં પ્રવાસ કર્યો અને રાજા સુરો સાથે લગ્ન કર્યા.

કોરિયન સંસ્કૃતિમાં રાજકુમારીએ માછલીને શુભતાનું પ્રતિક બનાવ્યું હતું એવું માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુએ તેમના ૨૪ અવતારોમાં પ્રથમ અવતાર મત્સ્ય એટલે કે માછલીના રૂપમાં લીધો હતો. તેમનો જન્મ અયોધ્યામાં તેમના ૨૧મા અવતારમાં રામ તરીકે થયો હતો. એટલા માટે ભારતમાં માછલીને શુભ માનવામાં આવે છે. એવું કહેવાય છે કે રાજકુમારી સૂરીરત્ને દક્ષિણ કોરિયાની સંસ્કૃતિમાં માછલીની સ્થાપના કરી હતી. આજે, માછલી કોરિયન ઘરોમાં એક શુભ પ્રતીક છે. ત્યાં રાજ્ય પ્રતીકમાં માછલી પણ છે. ૨૦૧૯ માં, ભારત અને કોરિયાએ સંયુક્ત રીતે રાજકુમારી સૂરીરત્નની યાદમાં પોસ્ટેજ સ્ટેમ્પ બહાર પાડ્યો હતો.

કોરિયા ટાઈમ્સના કટારલેખક ચો ચોંગ-ડેએ દક્ષિણ કોરિયામાં સંશોધન વિશે લખ્યું છે કે ભારત-કોરિયા મિત્રતા ૪૮ એડીમાં શરૂ થઈ હતી, જે અયોધ્યાના રાજવંશના સભ્ય છે , ૧૯૯૬ માં, ઇન્જે યુનિવર્સિટીનું એક પ્રતિનિધિમંડળ રાણી હ્યુની વંશાવળી શોધવા માટે અયોધ્યા પહોંચ્યું હતું.

# દરિયાઇ શેતાનો જેવા હુથી આતંકીઓ ઈરાનનું પાપ છે




## વિશ્વભરના દરિયાઈ વ્યાપારને નષ્ટ કરવા બેઠેલા હુંથી આતંકવાદીઓ સામે ભારતીય નેવીએ ભારતના અનેક વ્યાપારી જહાજોને બચાવ્યા છે વિશ્વના બીજા દેશોના જહાજોને પણ ભારતીય નેવીએ બચાવ્યા છે આ દરિયાઈ આતંકીઓને નષ્ટ કરવા માટે અમેરિકા જાપાન સહિતના દેશોએ સહીયારો પ્રયાસ કરવો જરૂરી છે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

હુથી આતંકીઓ ઈરાનની કટ્ટરવાદી સરકારે પેદા કરેલું પાપ છે. યમનમાં પોતાનું શાસન સ્થાપવા મથતા હુથી આતંકીઓની ચળવળનું સત્તાવાર નામ અંસાર અલ્લાહ છે. ઈરાન શિયા મુસ્લિમોનો સૌથી મોટો દેશ છે અને દુનિયાભરમાં શિયા મુસ્લિમોનો પ્રભાવ વધે એ માટે મથે છે. તેના ભાગરૂપે સુન્ની મુસ્લિમોના પ્રભુત્વવાળા દેશોમાં શિયા મુસલમાનોનાં હાથમાં હથિયાર પકડાવીને સુન્નીઓ સામે લડાવે છે.

લેબેનોન અને સીરિયામાં વર્ચસ્વ ધરાવતા હીઝબુલ્લાહ સહિતનાં સંગઠનો આ રીતે ઈરાને જ ઉભા કર્યાં છે. અંસાર અલ્લાહ પણ એવું જ સંગઠન છે કે જે ૧૯૯૦ના દાયકામાં અસ્તિત્વમાં આવ્યું. હુથી ઝૈદી શિયાઓની બહુમતી ધરાવતો યમનનો આદિવાસી કબિલો છે. ઈરાને આ કબિલાના નેતા હુસૈન અલ-હુથીને ૧૯૯૦ના દાયકામાં યમનના તત્કાલિન પ્રમુખ અલી અબ્દુલ્લાહ સાલેહ સામે ઉભ કરી દીધેલો. સાલેહ સાઉદી અરેબિયા અને અમેરિકાનો પીઠ્ઠુ હોવાનો દાવો કરીને હુથીઓએ આંદોલન શરૂ કરી દીધું.

સાલેહે આંદોલનને દબાવવા ૨૦૦૪માં હુસૈનને લશ્કરના હાથે મરાવ્યા પછી ભડકેલા હુથીઓએ હથિયાર ઉઠાવીને યમન પર કબજો કરવા જંગ છેડી દીધો. હુસૈનનો ભાઈ અબ્દુલ- મલિક અલ-હુથી આ ચળવ ચળવળનો નેતા છે. હુથીઓ ચળવળને ચાલુ રાખવા અપરહણોથી માંડીને ડ્રગ્સનો કારોબાર સુધીનું બધું કરે છે. આ કારણે તેમને માફિયા જ ગણવામાં આવે છે.

હુથી આતંકીઓના હુમલાની અસર અત્યારથી વર્તાવા માંડી છે. અમેરિકા અને યુકેએ હુથી આતંકીઓનાં ડ્રોન ઈઝરાયલમાં કંઈ નુકસાન કરે એ પહેલાં જ તેમને ઉડાવી દીધાં પણ આ હુમલાને કારણે દુનિયાભરની શિપિંગ કંપનીઓ ફફડી ગઈ છે. ડેન્માર્કની એપી મોલ્લેર-મર્સેક અને જર્મનીની હાપાગ-લાઈડ દુનિયાની બે સૌથી મોટી શિપિંગ અને કન્ટેઈનર ટ્રાન્સપોર્ટ કંપનીઓ છે. આ બંને કંપનીએ લાલ સમુદ્રમાં જહાજો નહીં મોકલવાનું એલાન કરી દીધું છે. બીજી શિપિંગ કંપનીઓ પણ તેમને અનુસરશે તેથી લાલ સમુદ્રમાંથી માલ-સામાનની હેરફેર સાવ ઠપ્પ થઈ જાય એવા અણસાર છે..છેલ્લા બે મહિનાથી વધારે સમયથી ચાલતા ઈઝરાયલ વર્સીસ હમાસના યુધ્ધમાં હુથી આતંકીઓએ મોટાં કોમર્શિયલ જહાજોને નિશાન બનાવવા માંડતાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. હુથી આતંકીઓએ ઈઝરાયલના ઐલાત બંદર અને બાબ-એલ-મેડદેબ પર સ્ટ્રેઈટ પર ડ્રોન એટેક કરીને મોટાં કોમર્શિયલ જહાજોને ફૂંકી મારવાનો પ્રયત્ન કરતાં દુનિયાનો વેપાર મોટા પ્રમાણમાં ઠપ્પ થઈ જવાનો અને ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળવા માંડે એવો ખતરો પેદા થઈ ગયો છે. દુનિયાભરના દેશો ક્રૂડ ઓઈલ માટે આ રસ્તા પર નિર્ભર છે. આ રસ્તો બંધ થાય એ કોઈને પરવડે તેમ નથી તેથી પોતાનાં ઓઈલ ટેંકરોને બચાવવા માટે ભારત, ચીન અને નાટોના દેશો પોતાના સૈનિકોને આ વિસ્તારમાં મોકલે એવી પણ શક્યતા વ્યક્ત થઈ રહી છે. ઈરાનના ઈશારે કામ કરતા હુથી આતંકીઓ હુમલા બંધ કરવાના નથી એ જોતાં ધીરે ધીરે આ યુદ્ધમાં બીજા દેશો પણ સામેલ થાય ને અંતે ઈઝરાયલ-હમાસનું યુધ્ધ વિશ્વ યુદ્ધ બની જાય એવો ખતરો તોળાઈ રહ્યો હોવાનું પણ નિષ્ણાતો માને છે.

હુથી આતંકીઓએ પહેલાં પણ કોમર્શિયલ જહાજોને નિશાન બનાવીને હુમલા કરેલા, જહાજો કબજે કરીને અપહરણ કરેલાં પણ

એ નાનાં નાનાં જહાજો હતાં. તેમણે હવે મોટાં જહાજોને નિશાન બનાવીને મોટા પાયે ડ્રોનથી હુમલા કરવા માંડયા છે. હુથીઓએ હુંકાર કર્યો છે કે, ઈઝરાયેલ પેલેસ્ટાઈન છોડીને નહીં જાય ત્યાં સુધી હુમલા ચાલુ રહેવાના છે. આ હુમલાના જવાબમાં યમન પર હુમલા કરાશે તો તેનો પણ આ જ ભાષામાં જવાબ મળશે. અમેરિકા સહિતના દેશો યમન, સીરિયા વગેરે દેશોમાં દૂરથી દખલ કરે છે પણ સીધું આક્રમણ નથી કરતા. હુથીઓ આક્રમણ ચાલુ રાખે તો તેમને સાફ કરવા અમેરિકાએ યમન પર હુમલો પણ કરવો પડે. એ સંજોગોમાં એક નવો મોરચો ખૂલે ને દુનિયામાં અશાંતિ વધે એ કહેવાની જરૂર નથી.

સામાન્ય રીતે બે દેશોના યુદ્ધમાં વ્યાપારને અસર ના થાય તેનું ધ્યાન રખાતું હોય છે અને કોમર્શિયલ જહાજોને નિશાન નથી બનાવાતાં. માફિયા મનાતા હુથી આતંકીઓએ આ લક્ષ્મણરેખા ઓળંગી દેતાં ઈઝરાયલ પણ એ જ ભાષામાં જવાબ આપીને ઈરાન તથા હમાસને મદદ કરતા બીજા દેશોનાં જહાજોને નિશાન બનાવી ઈઝરાયલ અને હમાસનું યુધ્ધ બંનેના કબજાવાળા વિસ્તારો પૂરતું મર્યાદિત બની રહેતાં દરિયામાં ફેલાશે ને કલ્પના ના કરી હોય એવી દહેજત ફેલાવશે એવાં ખરાબ એંધાણ રહ્યાં છે. કોઈએ આતંકીઓનાં ડ્રોન ઈઝરાયલમાં તબાહી કંઈ નુકસાન કરે એ પહેલાં જ તેમને ઉડાવી દીધાં

હુથી આતંકીઓના હુમલાની અસર અત્યારથી વર્તાવા માંડી છે. અમેરિકા અને યુકેએ હુથીના કારણે દુનિયાભરની શિપિંગ કંપનીઓ ફફડી ગઈ છે. ડેન્માર્કની એપી મોલ્લેર-મર્સેક અને જર્મનીની હાપાગ-લોયડ દુનિયાની બે સૌથી મોટી શિપિંગ અને કન્ટેઈનર ટ્રાન્સપોર્ટ કંપનીઓ છે. આ બંને કંપનીએ રેડ સીમાં પોતાની બધી કામગીરી બંધ કરીને જહાજો નહીં મોકલવાનું એલાન કરી દીધું છે. બીજી શિપિંગ કંપનીઓ પણ તેમને અનુસરશે તેથી રેડ સીમાંથી માલ- સામાનની હેરફેર સાવ ઠપ્પ થઈ જાય એવા અણસાર છે. હુથી આતંકીઓએ બાબ-એલ-મનદેબ સ્ટ્રેઈટને નિશાન બનાવીને હુમલા શરૂ કર્યા છે. બાબ-એલ- મનદેબ સ્ટ્રેઈંટ (પટ્ટી) રેડ સી અને ગલ્ફ ઓફ એડનને જોડતી પટ્ટી છે કે જે અમુક ઠેકાણે તો માત્ર ૨૮ કિલોમીટર પહોળી હોવાથી માંડ બે જહાજ પસાર થઈ શકે. આ પટ્ટી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની છે.

કેમ કે હિંદ મહાસાગર અને મેડિટેરેનિયન (ભૂમધ્ય સમુદ્ર)ને સુએઝ કેનાલ અને રેડ સી મારફ્તે જોડતી કડી છે. ભૂમધ્ય સમુદ્રના કાંઠે યુરોપના દેશો છે જ્યારે હિંદ મહાસાગરના ૫ કાંઠે ભારત સહિતના એશિયાના દેશો છે. આ દેશોમાં માલસામાનની હેરફેરમાં આ પટ્ટી સૌથી મહત્વની છે. દર વરસે આ પટ્ટીમાંથી ૧ ટ્રિલિયન ડોલરનો માલ પસાર થાય છે. આ પટ્ટીની એક તરફ યમન છે ને બીજી તરફ સોમાલિયા સહિતના આફ્રિકાના દેશો છે.

રેડ સી અને ગલ્ફ ઓફ એડનને જોડતી આ સાંકટી પટ્ટીમાંથી દુનિયામાં પહોંચતા ક્રૂડ ઓઈલનો ૧૦ ટકા જથ્થો પસાર થાય છે હુમલાના કારણે જહાજ બંધ થઈ જશે તેથી ક્રૂડ ઓઈલની હેરફેર બંધ થઈ જશે અને ક્રૂડના ભાવ ભડકે બળશે એ પણ નક્કી છે. ભારતમાં આવતો ક્રૂડનાં તોતિંગ ટેન્કર પણ આ જ રસ્તે આવે છે તેથી ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલની અછત સર્જાય ને ભાવ આસમાને પહોંચી જાય. ખાડીના દેશોએ યુરોપીયન બજારને ક્રૂડ ઓઈલ પહોંચાડવા માટે સુમેદ પાઈપલાઈન નાંખી છે. આ પાઈપલાઈન બાબ-એલ- મનદેબ સ્ટ્રેઈટમાંથી પસાર થાય છે. હુથીના હુમલામાં આ ૩૨૦ કિલોમીટર લાંબી પાઈપલાઈનને નુકસાન થાય તો યુરોપના દેશોને આરબ દેશો પાસેથી મળતું ક્રૂડ ઓઈલ બંધ થઈ જાય.

# ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ ત્રણ સ્થળોનો પ્રસ્તાવ મૂક્યો

**1996 ODI વર્લ્ડ કપ પછી પાકિસ્તાનમાં આયોજિત થનારી પ્રથમ ICC ઈવેન્ટ**

મુંબઈ

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ત્રણ સ્થળોનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ત્રણ સ્થળો લાહોર, કરાચી અને રાવલપિંડી છે. પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના યજમાન અધિકાર મળ્યા છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી થયું કે ભારત ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન જશે કે નહી.

રિપોર્ટ અનુસાર, PCBએ ટુર્નામેન્ટના સ્થળનો ડ્રાફ્ટ ICCને સુપરત કર્યો છે. આ ટુર્નામેન્ટ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજાવાની છે. 1996 ODI વર્લ્ડ કપ પછી આ પ્રથમ વખત છે જ્યારે પાકિસ્તાનને ICC ઈવેન્ટના હોસ્ટિંગ અધિકારો આપવામાં આવ્યા છે.

PCBના અધ્યક્ષ મોહસિન નકવીએ લાહોરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અમે ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાનમાં યોજાનારી મેચનું શેડ્યૂલ મોકલી દીધું છે. ICC સુરક્ષા ટીમ આવી અને અમે ખૂબ સારી મીટિંગ કરી. અમે ICC સાથે સતત સંપર્કમાં છીએ. અમે સારી ટુર્નામેન્ટની યજમાની માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ.ગયા મહિને એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ICC તેને એશિયા કપની જેમ 'હાઈબ્રિડ મોડલ' પર આયોજીત કરી શકે છે. ICC એક્ઝિક્યુટિવ બોર્ડના એક સૂત્રએ PTIને જણાવ્યું હતું કે, 'જો ભારત સરકાર ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન મોકલવા માગતી નથી, તો ICC ત્યાંના બોર્ડ પર દબાણ ન કરી શકે. તેણે વિકલ્પ શોધવો પડશે.

ગત વર્ષે પણ એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી હતી. ત્યારે પણ જ્યારે ભારત ત્યાં નહોતું ગયું ત્યારે આ ટુર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારત સામેની મેચ શ્રીલંકામાં યોજાઈ હતી.

# સિઝનમાં બીજી વખત કોલકાતાએ દિલ્હીને હરાવ્યું

## ફિલ સોલ્ટની ફિફ્ટી, ચક્રવર્તીએ 3 વિકેટ લીધી



નવીદિલ્હી,

IPL-2024ની ૪૭મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સને ૭ વિકેટે હરાવ્યું. ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા કેપિટલ્સે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૫૩ રન બનાવ્યા હતા. KKR તરફથી ફિલ સોલ્ટે ૩૩ બોલમાં ૬૮ રનની ઈનિંગ રમી હતી. તેણે સિઝનમાં તેની ચોથી અડધી સદી ફટકારી હતી. સુનીલ નારાયણે ૧૫ રન અને રિંકુ સિંહે ૧૧ રનનું યોગદાન આપ્યું હતું. અક્ષર પટેલને ૨ વિકેટ મળી હતી. આ પહેલા DCના કુલદીપ યાદવે ૨૬ બોલમાં અણનમ ૩૫ રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન રિષભ પંતે ૨૭ રનનું યોગદાન આપ્યું હતું. વરુણ ચક્રવર્તીએ ૩ જ્યારે વૈભવ અરોરા અને હર્ષિત રાણાને ૨-૨ વિકેટ મળી હતી. મિચેલ સ્ટાર્ક અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી.

# સોનુ સુદનું વોટ્સએપ એકાઉન્ટ બંધ કરાયું અભિનેતાએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યકત કરી

મુંબઈ


બોલીવુડ અભિનેતા સોનુ સુદ અત્યાર સુધીમાં હજારો જરૂરીયાત મંદ લોકોની મદદ કરી ચૂક્યો છે. કોરોનાના સમયથી જ સોનુ સુદનું આ સેવા કાર્ય ચાલુ છે અને હજુ પણ તે અનેક લોકોની મદદ કરે છે. જોકે હાલ સોનુ સુદના આ કામમાં વોટ્સએપ એ વિઘ્ન ઊભું કર્યું છે. જાણકારી સામે આવી છે કે અભિનેતા સોનુ સુદનું વોટ્સએપ એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે લોકો સુધી પહોંચવામાં તેને સમસ્યા થઈ રહી છે. હાલમાં જ સોનુ સુદે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. સાથે જ જણાવ્યું હતું કે વોટ્સએપ એકાઉન્ટ છેલ્લા ૩૬ કલાકથી બંધ છે. જેના કારણે જરૂરિયાતમંદ લોકો સુધી તે પહોંચી શકતો નથી અને મદદ પણ કરી શકાતી નથી.

સોનુ સુદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે વોટ્સએપનો એક ફોટો શેર કર્યો હતો. સાથે જ તેને લખ્યું હતું કે તેનો નંબર કામ નથી કરી રહ્યો. જેના કારણે તેને ઘણી બધી સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

સોનુ સુદે ઈંસ્ટાગ્રામ પર પણ આ અંગે સ્ટોરી શેર કરી હતી. તેણે લખ્યું હતું કે કલાકો થયા છતાં પણ તેનું વોટ્સએપ એકાઉન્ટ કામ નથી કરી રહ્યો. સાથે જ તેણે કહ્યું હતું કે લોકોને જાગૃત થવાનો સમય આવી ગયો છે. તેને કહ્યું કે વોટ્સએપ નંબર દ્વારા અનેક લોકો મદદ માટે તેનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યા હશે.

સોનુ સુદના વર્ક ફ્રન્ટ ની વાત કરીએ તો સોનુ સુદ હવે ફતેહ ફિલ્મમાં જોવા મળશે. આ વર્ષની શરૂઆતમાં આ ફિલ્મનું ટીઝર શેર કરવામાં આવ્યું હતું. જોકે ફિલ્મની રિલીઝ ડેટ હજુ સુધી જાહેર થઈ નથી. છેલ્લા ઘણા સમયથી સોનુ સુદની કોઈપણ ફિલ્મ આવી નથી તેથી દર્શકો પણ આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ૧૭ વર્ષ બાદ અક્ષય અને ડાયરેક્ટર પ્રિયદર્શન બંને સાથે કામ કરશે



મુંબઈ,

સફળ ડાયરેક્ટર પ્રિયદર્શન આગામી ફિલ્મ લાવવાની તૈયારી કરી રહ્યા છે. આગામી ફિલ્મ માટે તેઓ ૧૪ વર્ષ બાદ પોતાના માનીતા એક્ટર અક્ષય કુમાર સાથે કામ કરવાના છે. પ્રિયદર્શન અને અક્ષયકુમારની જોડીએ અગાઉ યાદગાર ફિલ્મો આપી છે. ૨૦૦૦ના વર્ષમાં 'હેરાફેરી' અને ૨૦૦૭માં 'ભૂલભુલૈયા'માં ડાયરેક્ટર-એક્ટરની જોડીએ જમાવટ કરી હતી. તેથી તેમના આગામી પ્રોજેક્ટ અંગે આતુરતા છવાયેલી છે. પ્રિયદર્શને જણાવ્યું હતું કે, રામ મંદિરના ઈતિહાસ આધારિત ડોક્યુ સિરીઝનું કામ પૂરું કર્યું છે. હવે મારી સૌથી વધુ મહત્ત્વની ફિલ્મની શરૂઆત અક્ષય કુમાર સાથે કરવાનો છું, જેને એકતા કપૂર પ્રોડ્યુસ કરશે. આ ફિલ્મ કોમેડી સાથેની હોરર ફેન્ટસી છે. પ્રિયદર્શને હોરર અને કોમેડીનું કોમ્બિનેશ કરીને 'ભૂલભુલૈયા' બનાવી હતી, જેની સીક્વલમાં ત્રીજી ફિલ્મ બની રહી છે.

# બ્રિટનમાંથી ૫૦૦૦ ભારતીયોને રવાન્ડા હાંકી કાઢવાના બીલથી ફ્રાન્સના રાષ્ટ્રપતિ નારાજ




પેરિસ,

હાલમાં જ બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે, બ્રિટનમાં શરણ લઈ રહેલા ભારતીય શરણાર્થીઓ માટે રવાન્ડા બિલ પસાર કર્યું છે. આ બીલ પસાર થયા બાદ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકના નિર્ણયની આકરી ટીકા કરી છે. મેક્રોને કહ્યું કે, બ્રિટનમાં આશ્રય મેળવવા માંગતા લોકોને આફ્રિકાના રવાન્ડા મોકલવા એ નિર્થક યોજના છે. તેઓ કહે છે કે આ બીલ આપણને ત્રીજા દેશો પર નવી નિર્ભરતાના માર્ગ પર લઈ જશે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પેરિસની સોર્બોન યુનિવર્સિટીમાં એક સમારંભમાં ભાગ લેવા ગયા હતા. જ્યાં યુરોપિયન યુનિયનના ભાવિ પરના ભાષણ દરમિયાન, તેમણે રવાન્ડા બિલની ટીકા કરતા કહ્યું, “હું એવા મોડેલમાં વિશ્વાસ નથી કરતો, જેમાં કોઈ ત્રીજા દેશના લોકોને આફ્રિકન ખંડ પર અથવા અન્ય જગ્યાએ લોકોને શોધવાનો સમાવેશ થાય અને તે પણ એવા લોકો માટે કે જેઓ આપણી જમીન પર ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હોય. તેમણે ઉમેર્યું હતું કે, અમે શંકાની ભૂ રાજનીતિ બનાવી રહ્યા છીએ જે આપણા મૂલ્યો સાથે દગો કરશે અને નવી નિર્ભરતાઓનું નિર્માણ કરશે, જે આખરે સંપૂર્ણપણે બિનઅસરકારક સાબિત થશે. બ્રિટનમાં કુલ ૫૦૦૦ જેટલા ભારતીય શરણાર્થીઓ વસે છે. જેમાંથી કેટલાક ભારતીયો કાયદેસર રીતે બ્રિટન પહોંચ્યા છે અને કેટલાક ભારતીયો ગેરકાયદેસર રીતે બ્રિટનમાં આવ્યા છે. તે બધાએ બ્રિટનમાં આશ્રય માંગ્યો છે.

# 'ધ ડર્ટી પિક્ચર' પછી વિદ્યાને સિગારેટની લત લાગી હતી



મુંબઈ,

વિદ્યા બાલનની કરિયરની સૌથી સફળ ફિલ્મોમાં 'ધ ડર્ટી પિક્ચર'નો સમાવેશ થાય છે. આ ફિલ્મમાં વિદ્યાએ સિલ્ક સ્મિતાના જીવનને રજૂ કર્યું હતું. અદ્દલ સિલ્ક સ્મિતા જેવી જ એક્ટિંગથી વિદ્યાએ દરેકને ચોંકાવી દીધા હતા. વિદ્યા પોતાના દરેક કેરેક્ટરમાં ઊંડે સુધી ઉતરી જતી હોય છે. સિલ્ક સ્મિતાના જીવનની નકલ કરવા જતાં વિદ્યાએ સિગારેટ પીવાની શરૂઆત કરી હતી અને બાદમાં તેને સ્મોકિંગની આદત પડી ગઈ હતી. વિદ્યા બાલને એક ઈન્ટરવ્યૂ દરમિયાન સિલ્ક સ્મિતાના કેરેક્ટર અને સ્મોકિંગ અંગે વાત કરી હતી. વિદ્યાએ જણાવ્યુ હતું કે, મેં શૂટિંગ પહેલા પણ સ્મોક કર્યુ હતું. હું જાણતી હતી કે સિગારેટ કેવી રીતે પીવાય છે, પરંતુ સ્મોકિંગ કરતી ન હતી. વિદ્યા બાલન હજુ આજે પણ સ્મોકિંગ કરે છે કે, નહીં તે બાબતનો જવાબ આપ્યો ન હતો. જો કે વિદ્યાએ કહ્યું હતું કે, તેને હજુ પણ સ્મોકિંગ પસંદ છે. સિગારેટ પીવાથી કોઈ નુકસાન ન થતું હોય તો તે સ્મોકર બનવાનું પસંદ કરશે. વિદ્યાને સિગારેટના ધુમાડાની સુગંધ ખૂબ પસંદ છે. કોલેજના દિવસોમાં વિદ્યાને સિગારેટ પી રહ્યા હોય તેવા લોકોની નજીક બેસવાનું ગમતું હતું.

# ગેરી કર્સ્ટન વનડે-ટી ૨૦ માટે પાકિસ્તાનના મુખ્ય કોચ બન્યા : ગિલેસ્પી ટેસ્ટમાં જવાબદારી સંભાળશે

**ગુજરાત ટાઈટન્સના આસિસ્ટન્ટ કોચનું પદ સંભાળી રહ્યા છે. તે આ લીગ સમાપ્ત થયા બાદ તરત જ પાકિસ્તાન ટીમ સાથે જોડાશે**

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે વર્લ્ડ કપ વિજેતા ગેરી કર્સ્ટનની વનડે અને ટી ૨૦ માટે પાકિસ્તાન ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે નિમણૂક કરી છે, જ્યારે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર જેસન ગિલેસ્પી ટેસ્ટ ક્રિકેટમાં ભૂમિકા સંભાળશે. તેની સાથે પાકિસ્તાનના પૂર્વ ઓલરાઉન્ડર અઝહર મહમૂદને તમામ ફોર્મેટમાં ટીમના સહાયક કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.આ ત્રણની બે વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે. કર્સ્ટન હાલમાં ભારતમાં છે અને ગુજરાત ટાઈટન્સના બેટિંગ કોચ અને મેન્ટરનું પદ સંભાળી રહ્યા છે. તે આ લીગ ખતમ થયા બાદ તરત જ પાકિસ્તાન ટીમ સાથે જોડાઈ જશે. કર્સ્ટનના કોચિંગ હેઠળ જ ટીમ ઈન્ડિયાએ ૨૦૧૧માં વનડે વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યારે મહેન્દ્ર સિંહ ધોની ટીમના કેપ્ટન હતા.

કર્સ્ટનના કોચિંગ હેઠળ આ વર્ષે ટી ૨૦ વર્લ્ડ કપ સિવાય પાકિસ્તાને આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ ૨૦૨૫ અને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ રમવાનું છે. પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીનું યજમાન છે, જ્યારે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ભારત અને શ્રીલંકા સાથે મળીને યોજાશે.

આ સાથે જ ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઝડપી બોલર જેસન ગિલેસ્પી આ વર્ષે ઓગસ્ટમાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીની કમાન સંભાળશે.

# મંથનનું 4K રિસ્ટોરેશન કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સત્તાવાર રેડ કાર્પેટ વર્લ્ડ પ્રીમિયર માટે પસંદ કરવામાં આવ્યું

મુંબઈ,

શ્યામ બેનેગલની વર્ષ ૧૯૭૬ની એવોર્ડ વિજેતા ફિચર ફિલ્મ “મંથન” ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પાંચ લાખ ખેડૂતો દ્વારા બનાવવામાં આવી છે. આ ફિલ્મને ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪માં સ્ક્રીનિંગ માટે પસંદ કરવામાં આવી છે. અમૂલ બ્રાન્ડના નામ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરતી હાલ તેમની સુવર્ણ જયંતી ઉજવી રહ્યું છે. આ માઈલસ્ટોનને યાદ કરવા માટે ફેડરેશને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન કે જે બિન-લાભકારી સંસ્થા છે તેની સાથે હાથ મિલાવ્યો છે, જે મંથન ફિલ્મને ૪દ્ભમાં રિસ્ટોર કરશે. મંથનનું 4K રિસ્ટોરેશન મે મહિનામાં યોજાનાર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સત્તાવાર રેડ કાર્પેટ વર્લ્ડ પ્રીમિયર માટે પસંદ કરવામાં આવ્યું છે. મંથન એકમાત્ર ભારતીય ફિલ્મ છે જેને આ વર્ષે ફેસ્ટિવલના કાન્સ ક્લાસિક વિભાગ હેઠળ પસંદ કરવામાં આવી છે. GCMMFના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતાએ જણાવ્યું કે, “મંથન ભારતીય શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરિયનની અગ્રણી દૂધ સહકારી ચળવળથી પ્રેરિત છે. આ ફિલ્મે ડેરી સહકારી ચળવળ પર ખૂબ જ અસર કરી છે. તેણે દેશભરના લાખો ખેડૂતોને સ્થાનિક સહકારી ડેરી બનાવવા માટે પ્રેરિત કર્યા છે અને ભારતને દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવામાં મોટું યોગદાન આપ્યું છે.” મંથન ફિલ્મની વાર્તામાં દિગ્ગજ કલાકારો સ્મિતા પાટીલ, નસીરૂદ્દીન શાહ, ગિરીશ કર્નાડ, અમરીશ પુરીએ ગરીબ ખેડૂતોના નાના સમૂહના સંઘર્ષ અને વિજયને દર્શાવ્યો છે. જેઓ આર્થિક સ્થિતિ સુધારવા માટે સહકારી ડેરી બનાવવા માટે ભેગા થાય છે. આ એક અસાધારણ ડેરી સહકારી ચળવળની શરૂઆતની વાર્તા છે. રૂ.૧૦ લાખના બજેટમાં બનેલી “મંથન” પ્રથમ ક્રાઉડફંડેડ ભારતીય ફિલ્મ હતી. જેમાં GCMMFના તમામ પાંચ લાખ ડેરી ખેડૂતોએ રૂ.૨ પ્રતિ ખેડૂત ફિલ્મ બનાવવાના ખર્ચ તરીકે આપ્યા હતા.

# સૂર્યકુમાર અને બુમરાહ ટીર૦ વર્લ્ડ કપ માટે ભારતના સંભવિત ખેલાડીઓ : યુવરાજ સિંહ



**યુવરાજ સિંહના મતે ટીર૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમના સંભવિત ખેલાડીઓમાં સૂર્યકુમાર યાદવ અને જસપ્રિત બુમરાહ ટોચના નામો છે**

મુંબઈ,

ભારતના પૂર્વ સ્ટાર ડાબોડી ઓલરાઉન્ડર યુવરાજ સિંહના મતે આગામી ટીર૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમના સંભવિત ખેલાડીઓમાં સૂર્યકુમાર યાદવ અને જસપ્રિત બુમરાહ ટોચના નામો છે. આ બંને ખેલાડીઓ તેમની વ્યક્તિગત પ્રતિભાને આધારે ક્ષણમાં બાજી પલટવાની કુશળતા ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૭માં યોજાયેલા સૌપ્રથમ ટીર૦ વર્લ્ડ કપમાં ભારતની જીતમાં યુવરાજ સિંહ મહત્વની ભૂમિકા ભજવી હતી. ડાબોડી બેટ્સમેનના મતે સૂર્યકુમાર યાદવ ભારતના બીજા ટીર૦ વર્લ્ડ કપ વિજયમાં નોંધપાત્ર દેખાવ કરી શકે છે અને બુમરાહ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવી શક્યતા છે. આસીસીએ યુવરાજ સિંહ ટાંકતા જણાવ્યું હતું કે, સૂર્યકુમાર ચાવીરૂપ ખેલાડી છે.

સૂર્યકુમાર જે પ્રકારે રમે છે તે મુજબ ફક્ત ૧૫ બોલમાં જ તે બાજી પલટી શકે છે. ભારત આ વરખતે ટીર૦ વર્લ્ડ કપ ચોક્કસ જીતશે અને સૂર્યકુમાર મહત્વનું પાસું બની રહેશે.



# ઈશાન કિશનને પોતાની હરકત ભારે પડી,વર્લ્ડ કપ પહેલાં જ બીસીસીઆઈએ મોટી કાર્યવાહી કરી



મુંબઈ

દિલ્હી કેપિટલ્સ (ડીસી) સામે રમાયેલી આઈપીએલ મેચમાં ઈશાન કિશને ભૂલ કરી હતી. બીસીસીઆઈએ મુંબઈ ઈન્ડિયન્સના વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન સામે પણ કડક કાર્યવાહી કરી છે. ઈશાન કિશને દિલ્હી કેપિટલ્સ સામેની મેચ દરમિયાન કંઈક એવું કર્યું, જેના પછી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે તેને મોટી સજા ફટકારી છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈશાન કિશન પર મેચ ફીના ૧૦ ટકાનો દંડ લગાવ્યો છે. શનિવારે દિલ્હી કેપિટલ્સ સામે રમાયેલી મેચમાં ઈશાન કિશને આઈપીએલ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. ઈશાન કિશને આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨ હેઠળ લેવલ ૧ નો ગુનો કર્યો છે.આઈપીએલએ એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું કે, 'ઈશાન કિશનને આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨નું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ઈશાન કિશને આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨ હેઠળ લેવલ ૧નો ગુનો સ્વીકાર્યો છે. અખબારી યાદી અનુસાર, આચાર સંહિતાના લેવલ ૧ના ઉલ્લંઘન માટે, મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા છે.આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨ મેચ દરમિયાન ક્રિકેટના સાધનો અથવા કપડાં, ગ્રાઉન્ડ સાધનોના દુરુપયોગથી સંબંધિત છે. ઈશાન કિશને પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. મેચની વાત કરીએ તો, દિલ્હી કેપિટલ્સે જેક ફ્રેઝર-મેકગર્કની ૨૭ બોલમાં ૮૪ રનની વિસ્ફોટક ઈનિંગના આધારે ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા મુંબઈ ઈન્ડિયન્સને ૧૦ રનથી હરાવ્યું અને પ્લેઓફની રેસ માટે પોતાનો દાવો મજબૂત કર્યો.

# જામનગર સંસદીય મતવિસ્તારના ઓબઝર્વરોની અધ્યક્ષતામાં EVM-VVPATનું સેકન્ડ રેન્ડમાઈઝેશન કરાયું





દ્વારકા : આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે ૧૨ જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે વિધાનસભા મતવિભાગ માટે ઈવીએમ-વીવીપેટ મશીનોનું સેકન્ડ રેન્ડમાઈઝેશન પારદર્શક રીતે હાથ ધરવામાં આવ્યું હતું.

ત્યારબાદ રેન્ડમાઈઝેશનના અંતે કોમ્પ્યુટરાઈઝડ જનરેટ થયેલા ઈવીએમ-વીવીપેટની વિધાનસભા મત વિભાગવાર યાદીઓ મુજબ ૧૨-જામનગર લોકસભા મતવિભાગમાં સમાવિષ્ટ દેવભૂમિ દ્વારકાના ૮૧-ખંભાળીયા અને ૮૨-દ્વારકા વિધાનસભા મતવિભાગોને ઈવીએમ-વીવીપેટની ફાળવણી કરવામાં આવી હતી. ઈવીએમ-વીવીપેટના સેકન્ડ રેન્ડમાઈઝેશન બાદ રેન્ડમાઈઝ્ડ EVMની યાદી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિશ્રીઓને પૂરી પાડવામાં આવી હતી. ઉપરાંત વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ તકે જનરલ ઓબઝર્વર હસમત અલી યાતો, પોલીસ ઓબઝર્વર ઉત્પલ કુમાર નાસ્કર, રિટર્નિંગ ઓફિસર અને જિલ્લા ચૂંટણી અધિકારી જામનગર બી. કે. પંડ્યા, દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી જી. ટી. પંડ્યા અને માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના ઉમેદવારો તથા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રજૂઆત માટે નાગરિકો ચૂંટણી પંચ દ્વારા નિમાયેલ ઓબ્ઝર્વરોને રૂબરૂ મળી શકશે

દ્વારકા : ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગ તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૮૧-ખંભાળીયા અને ૮૨-દ્વારકા વિધાનસભા મતવિભાગ માટે નિમાયેલ ઓબ્ઝર્વરોને નાગરિકો ફોન કર્યા બાદ રૂબરૂ મળી શકશે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. નિષ્પક્ષ, ન્યાયી અને મુક્ત રીતે ચૂંટણી પૂર્ણ થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી પંચના દિશાનિર્દેશ મુજબ વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીના ભાગરૂપે ૧૨-જામનગર સંસદીય મતવિસ્તાર માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે હસમત અલી યાતો (આઈએએસ) પોલીસ ઓબ્ઝર્વર તરીકે ઉત્તપલ કુમાર નાસ્કર(આઈપીએસ) અને ખર્ચ ઓબ્ઝર્વર તરીકે શ્રી અવિજિત મિશ્રા(આઈઆરએસ)ની નિમણૂંક કરવામાં આવી છે.

૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગો તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૮૧-ખંભાળીયા અને ૮૨-દ્વારકા વિધાનસભા મતવિભાગો અનુસંધાને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૪ ને લગતી કોઇ પણ ફરિયાદ કે રજૂઆત માટે નાગરિકો તેમને રૂબરૂ મળી શકશે અથવા જનરલ ઓબ્ઝર્વરના મોબાઈલ નં.૯૦૨૩૩૮૦૩૪૧, પોલીસ ઓબ્ઝર્વરના મોબાઈલ નં. ૮૭૯૯૧૩૬૦૪૪ અને ખર્ચ ઓબ્ઝર્વરના મોબાઈલ નં.૮૧૬૦૯૧૬૫૧૯ ઉપર સંપર્ક કરી શકશે. તેઓ લાલ બંગલો સર્કલ, જામનગર સર્કિટ હાઉસ ખાતેના રૂમ નંબર અનુક્રમે (૨), (૩) અને (૬) પર નાગરિકોને રૂબરૂ મળી શકશે. જનરલ ઓબ્ઝર્વરને સવારે ૧૦ થી ૧૧ અને ખર્ચ ઓબ્ઝર્વરને સાંજે ૪ થી ૫ ના સમય દરમિયાન સર્કિટ હાઉસ ખાતેના લોકો ફોન ઉપર મંજુરી મેળવ્યા બાદ રૂબરૂ મળી શકશે, જેની દેવભૂમિ દ્વારકા જિલ્લાની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

# દ્વારકા જિલ્લામાં ચુનાવ પાઠશાળા, શેરી નાટક સહિતના નવતર અભિગમ થકી નાગરિકોને મળે છે મતદાનના મહત્વની સમજ







દ્વારકા : એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી જી.ટી.પંડ્યાના દિશાનિર્દેશ હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે.

ખંભાળિયા તાલુકાના રામનગર ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીશ્રીઓ દ્વારા ગ્રામજનોને મતદાનના મહત્વ વિશે સમજાવી મતદાન કરવા માર્ગદર્શન આપ્યું હતું. મતદાતા જાગૃત્તિ કાર્યક્રમમાં નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તથા મહિલા મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરી અચૂક મતદાન કરવા મહિલા મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત એકમોમાં કાર્યરત શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિવિધ ઔદ્યોગિક એકમોના માલિકોને શ્રમિક-મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા અંગે સમજૂતી આપવામાં આવી હતી. શ્રમિકોએ મતદાન શપથ લીધા હતા.

કલ્યાણપુર તાલુકાના મણિપુર હાબરડી, ગઢકા, ભોપલકા, ખખરડા તેમજ સિદસરા સહિતના ગામે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવ પાઠશાળાનું આયોજન હાથ ધરી મતદારોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી જાગૃત્ત કરવા સમજ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. મહિલાઓને મતનું મૂલ્ય સમજાવી મતદાન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. મતદારોએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી. કલ્યાણપુર તાલુકાની સતાપર પ્રાથમિક શાળામાં ચુનાવ પાઠશાળા યોજવામાં આવી હતી. અને લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. બાળકોએ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા કઈ રીતે થાય છે તે અંગે માહિતી મેળવી હતી.

ખાસ મહિલા મતદારોમાં મતદાન જાગૃતતા કેળવાઈ અને મહિલાઓ વધુમાં વધુ મતદાન કરવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી કલ્યાણપુર તાલુકાના લાંબા અને નાવદ્રા ગામે મતદાર જાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખંભાળિયા તાલુકાના વાડીનાર ખાતે "જાગો મતદાર જાગો" શેરી નાટક થકી મતદાર જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં નાટ્ય કલાકારોએ મતદાન જાગૃતિ સંદેશ આપતું પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. ખાસ કરીને મહિલા મતદાતાઓ સહપરિવાર મહત્તમ મતદાન કરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ મતદાન કરવા માટે આમંત્રણ પત્રિકાઓ વિતરણ કરવામાં આવી હતી.

કલ્યાણપુર પી.જી.વી.સી.એલ કચેરી દ્વારા વીજ બિલ પર "તા.૦૭ મેના રોજ અચૂક મતદાન કરે તથા "મતદાન જરૂર કરીએ" નો સંદેશ પાઠવતા સ્ટેમ્પ તૈયાર કરવામાં આવ્યા છે. લોકો સુધી રૂબરૂ પહોંચતા વીજ બિલ પર લગાવેલા સ્ટેમ્પ લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરી મતદાન જાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ સરાહનીય છે. ઉપરાંત ભાણવડની પુરુષાર્થ વિદ્યાનિકેતનના વિદ્યાર્થીઓ દ્વારા "૧૦૦% મતદાન કરો" પ્રતિકૃતિની માનવ સાંકળ બનાવી મતદાન જાગૃતિ અંગે સંદેશો અપાયો હતો. મોડેલ સ્કૂલ દ્વારકાના વિદ્યાર્થીઓએ વિવિધ પોસ્ટર દ્વારા મતદાર જાગૃતિ અંગેની રેલી યોજવામાં આવી હતી. ઉપરાંત લોકશાહીના મહાપર્વમાં સહભાગિતા અદા કરવા સંકલ્પબધ્ધ થયા હતા. ખંભાળિયા તાલુકાના ધરમપુર ગામ ખાતે આવેલ ટોલ ગેટ પર મતદાન કરવા પ્રેરણા આપતા સ્ટીકર લગાવી મતદારોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ટોલ ગેટ પર મતદાનની જાગૃતિના સ્ટીકર લગાવવામાં આવ્યા છે. જેમાં 'યાદ રાખો તા. ૦૭/૦૫/૨૦૨૪', 'હું ચોક્કસપણે મતદાન કરીશ જ...' સહિતની વિગતો આપવામાં આવી છે. આમ મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે.

# જામનગર જિલ્લામાં મતદાન મથકોની આસપાસના વિસ્તારો માટે જરૂરી પ્રતિબંધો માટે જાહેરનામું પ્રસિધ્ધ

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું મતદાન જામનગર જિલ્લામાં તારીખ ૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. આ ચૂંટણી દરમિયાન મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચાર સંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો, તેમના કાર્યકરો કે ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પૂરેપૂરી શકયતા રહેલી છે. મતદાન કરવા જતા મતદારોને કોઈ ડર ન રહે, મતદાન કરવા કે ન કરવા બાબતે કોઈ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સંબંધી પ્રતિકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેંચવામાં ન આવે તે જોવું જરૂરી જણાય છે.

રાજકીય પક્ષો કે ઉમેદવારોના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતું નિવારવા માટે અને મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં જાહેર શાંતિ, સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ તારીખ ૭/૦૫/૨૦૨૪ ના રોજ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૧) મતદાનના દિવસે નક્કી થયેલા મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી સંબંધિત બુથ ઉભા કરી શકાશે નહીં. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના કે ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના નિયમોને આધીન રહીને મતદારોને ઉમેદવારોના નામ, પ્રતિક કે પક્ષના નામ વગરની મતદાર કાપલીના વિતરણ માટે ટેબલ અને બે ખુરશી રાખી શકશે. આવા સ્થળે ઉમેદવાર ૩/૧.૫ ફુટનું ફકત ૧ બેનર રાખી શકાશે. (૨) છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી વ્યવસ્થા કરી શકાશે. જેને ચારેબાજુથી બંધ કરી શકાશે નહીં. (૩) મતદાનના દિવસે મતદાન મથકની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રસાર કરી શકાશે નહીં. તેમજ ચૂંટણી સંબંધિત પત્રિકાઓનું વિતરણ કરી શકાશે નહીં કે ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહીં. મતદાન કરવા જતા મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહીં. (૪) મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરૂદ્ઘમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકાશે નહીં, કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહીં.

(૫) મતદાનના દિવસે મતદાન મથકની આસપાસના ૨૦૦ મિત્રના વિસ્તારમાં ચૂંટણી સંબંધિત હેતુ માટે મોબાઈલ ફોન કે કોડલેસ ફોન જેવા વિજાણુ યંત્રોનો ઉપયોગ થઈ શકશે નહીં.

(૬) મતદાનના દિવસે ઉમેદવાર કે રાજકીય પક્ષના મંજુરીવાળા ચૂંટણી સંબંધિત વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગથી ૧૦૦ મીટરની અંદરના વિસ્તારમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે. ઉક્ત પ્રતિબંધાત્મક હુકમનો ભંગ કરનારી અથવા ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુર ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો





દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ ગામ અને વિસ્તારોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુરમાં "ચુનાવ પાઠશાળા" કાર્યક્રમ યોજાયો હતો. મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને અન્ય નાગરિકોને પણ મતદાન માટે પ્રેરિત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. નાગરિકોએ મતદાના શપથ લીધા હતા.

# ભાણવડના શિવ આશ્રમમાં બળદોને ૧૦૦૦ કિલો તરબૂચ પિરસાયા





જામખંભાળિયા : ભાણવડની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શિવ બળદ આશ્રમમાં હાલ ૮૦ જેટલા માલિકો દ્વારા તરછોડાયેલા બળદોને આશ્રય આપવામાં આવ્યો છે. ત્યારે ગઈકાલે અહીં તમામ બળદોને ગરમીમાં ઠંડક મળે તેવા ઉમદા આશય સાથે બળદ ખાઈ શકે તેવી રીતે કટકા કરી અને ૧,૦૦૦ કિલો જેટલા તરબૂચ પીરસવામાં આવ્યા હતા.

# મતદાન મથકમાં મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરી શકશે નહીં

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટેનું મતદાન તા. ૭-૦૫-૨૦૨૪ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે, મતદાનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઊભો ન થાય તથા જાહેર સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની અંદર મોબાઈલ ફોન જેવા ઉપકરણો સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

જે મુજબ જામનગર જિલ્લામાં નક્કી થયેલ મતદાન મથકોમાં મતદાન એજન્ટ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ તેમજ સંબંધિત મતદાન મથકના નોંધાયેલ મતદારો મોબાઈલ ફોન સાથે તારીખ ૭-૦૫-૨૦૨૪ના સવારે ૭ કલાકથી સાંજના ૬ કલાક સુધી પ્રવેશ કરી શકશે નહીં. ચૂંટણી ફરજ સોપાયેલ સરકારી અધિકારી અને કર્મચારીઓ તથા ચૂંટણી અધિકારીએ ખાસ અધિકૃત કરેલ અધિકારીઓ, કર્મચારીઓ કે વ્યક્તિઓને ઉપરોક્ત જાહેરનામું લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જામનગરમાં વલ્લભાચાર્ય જયંતીની ઉજવણીના ભાગરૂપે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

જામનગર : જામનગરમાં પુષ્ટી સંપ્રદાયના સ્થાપક શ્રીમદ વલ્લભાચાર્યજીના ૫૪૭મા પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે તા.૪ અને પાંચમી મે દરમિયાન પ્રભાતફેરી, શોભાયત્રા અને ધર્મસભાનું આયોજન વૈષ્ણવ સમાજ દ્વારા મોટી હવેલીના હરિરાયજી મહારાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું છે. વલ્લભાચાર્ય જયંતિ નિમિત્તે મોટી હવેલી ખાતે તા.૪ની સવારે ૬ વાગ્યે મંગલા આરતી બાદ ૭ વાગ્યે વૈષ્ણવ સમાજની વાહનો સાથેની પ્રભાતફેરી મોટી હવેલીથી પ્રસ્થાન પામીને સેતાવાડ, ખંભાળીયા ગેઈટ. દિગ્વિજય પ્લોટ, સુમેર ક્લબ રોડ. સાતરસ્તાથી ગૌરવ પથ પરના જિલ્લા પંચાયત, લાલબંગલા, ટાઉનહોલ, ત્રણ બત્તી, બેડી ગેઈટ, કે. વી. રોડ. સુભાષબીજથી મોટી હવેલીની ગૌશાળા થઈને મહાપ્રભુજીની બેઠક ખાતે સંપન્ન થશે. જે બાદ સંધ્યા આરતીના દર્શન બાદ સાંજે ૬ વાગ્યા બાદ શોભાયાત્રા મોટી હવેલીથી વાણીયાવાડ, ચાંદી બજાર સર્કલ, માંડવી ટાવર, હવાઈ ચોકથી સત્યનારાયણ મંદિરથી આકાશગંગા એપાર્ટમેન્ટવાળી શેરીમાંથી જલાની જાર થઈને મોટી હવેલી ખાતે મહાપ્રભુજીના ચિત્રજીના પુજન સાથે વિરામ પામશે. જે બાદ તા. ૫મી મેના રવિવારે સાંજે ૬ વાગ્યા બાદ મોટી હવેલીમાં આવેલા વલ્લભ ચોકમાં ઉત્સવ નાયકના ચરિત્ર ઉપર હરિરાયજી મહારાજ, વલ્લભરાયજી મહોદય, રસાદ્રરાયજી અને પ્રેમાદ્રરાયજી સહિતના વિદ્વાનો ધર્મસભાને સંબોધન કરશે. આ તકે મોટી હવેલીના સેવાભાવી વડીલોનું હરિરાયજીના હસ્તે પ્રશસ્તિપત્ર દ્વારા સન્માન કરવામાં આવશે. તા.૪–૫ના શિન–વિવાર દરમિયાન શયન આરતીના દર્શન ભીતર થશે તેમ વૈષ્ણવ સમાજના પ્રમુખ વજુભાઈ પાબારીએ જણાવ્યું છે.

# કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની કન્યાઓએ મતદાન જાગૃતિ માટે કરી અનોખી પહેલ



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામા વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે. અને મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધાનાણી અને સ્વિપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ અત્રેના જિલ્લાની તમામ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની કન્યાઓ દ્વારા "આવ્યો અવસર લોકશાહી નો" અંતર્ગત ૭ મે,૨૦૨૪ના રોજ પોતાના પરિવાર નાં તમામ ૧૮ વર્ષથી ઉપરના સભ્યો અચૂક મતદાન કરીશું તેમજ મતદાન કરી દેશ પ્રત્યેની અમારી ફરજ અદા કરીશું જેની હું ખાતરી આપું છું. વિષય સાથે પોતાના વાલીઓની સિગ્નેચર કરાવી પોસ્ટ કાર્ડ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ઉકત અભિયાન દ્વારા ૭ મે ૨૦૨૪ના રોજ શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓના વાલીઓને વધુમાં વધુ મતદાન કરવા માટે સંકલ્પબધ્ધ થયા હતા.

## અવસાન નોંધ

**જામનગર :** ઔ.સ.ઝાલાવાડી બ્રાહ્મણ હડીયાણા ચોવિસી દિવ્યેશભાઈ (નિવૃત દિગજામ) મુ. હડીયાણા હાલ જામનગર તે સ્વ. ડો. તરુણભાઈ વી. જાની (નિવૃત મેડિકલ ઓફિસર) હડીયાણાના પુત્ર તે અલ્કાબેનના પતિ તે સ્વ. હસમુખભાઈ, સ્વ. મુકેશભાઈ તેમજ મનીષભાઈના ભાઈ તે કિશન તેમજ હિરલ જીગરભાઈ રાવલના પિતા, તે વીણાબેન વૃજલાલ મેહતાના જમાઈનું ૨૫-૦૪-૨૦૨૪ના અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૨૯-૦૪-૨૦૨૪ સાંજના ૫:૦૦ થી ૫:૩૦ સોમવારના પાબારી હોલ જામનગર રાખેલ છે.

**જામનગર :** ઉષાબેન કાન્તીભાઈ મકવાણાનું તા. ૨૯-૪-૨૦૨૪ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨-૫-૨૦૨૪ના રોજ સાંજે ૫:૩૦ થી ૬:૦૦ કલાકે, ભાઈઓ તથા બહેનો માટે, કાશી વિશ્વનાથ મંદિર, કે.વી. રોડ, જામનગર રાખેલ છે.

**જામનગર :** ગુજરાત હાલાર સમવાય ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ હર્ષદ પુર નિવાસી સ્વ છેલશંકર જેશંકર જાનીના પુત્ર વિનોદ છેલશંકર જાની ઉ. વ. ૫૮ તે હરેશ છેલશંકર જાની, પંકજ ભાઈ જાની તથા કરુણાબેન દિપકકુમાર જોશીના નાનાભાઈનું તારીખ ૨૯/૦૪/૨૦૨૪ના રોજ હર્ષદપુર મુકામે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ વિનોદભાઈનું ટેલીફોનીક ઉઠમણું તા. ૦૨/૦૫/૨૦૨૪ ના સાંજના ૦૪:૦૦ થી ૦૫:૦૦ દરમિયાન રાખવામાં આવેલ છે. પંકજભાઈ છેલશંકર જાની - મો. ૯૯૨૪૭૯૨૬૧૨

જામનગર: શ્રી ગૌડ મેડતવાડ બ્રાહ્મણ જયશ્રીબેન રમેશભાઈ ભટ્ટ (ઉ.વ. ૬૪) તે રમેશભાઈ ભટ્ટના ધર્મપત્ની તેમજ મહેશભાઈ (શ્રીજી શિપિંગ) તથા જલ્પાબેન મહીપાલભાઈ ભટ્ટના માતા તથા જલ્પાબેનના સાસુ તથા કનકરાય મોહનલાલ ભટ્ટ અને જેન્તીલાલ મોહનલાલ ભટ્ટના ભાભી તે અશોકભાઈ દેવશંકરભાઈ ઓઝા, જીતેન્દ્રભાઈ રમણીકભાઈ ઓઝા તથા રમેશભાઈ રમણીકભાઈ ઓઝાના બહેનનું તા. ૨૯/૦૪/૨૪ના અવસાન થયું છે. બેસણું તા. ૦૨/૦૫/૨૦૨૪ના સાંજે ૫ થી ૬ દરમીયાન ભોળેશ્ર્વર મહાદેવ મંદિર (સેટેલાઇટ પાર્ક, જી.આઈ.ડી સી–૨ એપલ ગેટ-૨ની સામે, લાલપુર બાયપાસ રોડ- જામનગર) ખાતે રાખવામાં આવ્યું છે.

# મુસ્લિમ પરિવારમાં જન્મેલી દીકરીએ હિંદુ કાયદા મુજબ મિલકતમાં માંગ્યો હિસ્સો

**ઈસ્લામમાં ન માનતી હોય તેવી મહિલા સફિયાની અરજી પર વિચાર કરવા સુપ્રીમ કોર્ટ સંમત**

ઈસ્લામમાં માનતી ન હોય તેવી મહિલા સફિયા પીએમની અરજી પર વિચાર કરવા સુપ્રીમ કોર્ટ સંમત થઈ છે, જેમાં સફિયાએ વિનંતી કરી છે કે તેની પૈતૃક સંપત્તિમાં તેનો હિસ્સો શરિયત અનુસાર નહીં પરંતુ ભારતીય વારસા કાયદા અનુસાર વહેંચવામાં આવે. દલીલો સાંભળ્યા બાદ કેન્દ્ર અને કેરળ સરકારને અરજી પર નોટિસ જારી કરવામાં આવી હતી.

તેણી ચોક્કસપણે એક મુસ્લિમ પરિવારમાં જન્મી હતી પરંતુ તેના પિતાની પેઢીથી તેમણે ઈસ્લામમાં આસ્થા છોડી દીધી છે. આવી સ્થિતિમાં, તેમની રિટ પિટિશન પર, ઝત્તૈં જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે એટર્ની જનરલ આર વેંકટરામાણીને એમિકસ ક્યુરી તરીકે નિયુક્ત કર્યા અને તેમને આ જટિલ મુદ્દાની વિવિધ કાનૂની, વ્યવહારિક અને ન્યાયશાસ્ત્રીય પરિમાણો પર પ્રકાશ પાડવા વિનંતી કરી. હવે બેન્ચે આ કેસની સુનાવણી જુલાઈના બીજા સપ્તાહમાં એટલે કે ઉનાળાની રજાઓ પછી કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ અરજીમાં ગૂંચવણ એ છે કે મુસ્લિમ પરિવારમાં જન્મ લેનાર વ્યક્તિને મુસ્લિમ પર્સનલ લો મુજબ પૈતૃક સંપત્તિમાં હિસ્સો મળશે. એટલે કે તેને સેક્યુલર કાયદાનો લાભ નહીં મળે. જ્યારે મહિલા ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ ૧૯૨૫ મુજબ વિભાજન અને હિસ્સો ઈચ્છે છે. મહિલા સફિયા પીએમની અરજી અનુસાર, તે તેના ભાઈ સાથે સંપત્તિ ઈસ્લામિક પદ્ધતિ અનુસાર નહીં પરંતુ હિંદુ પદ્ધતિ અનુસાર વહેંચવા માંગે છે. કોર્ટે આમાં મદદ કરવી જોઈએ. કારણ કે તેના પિતા પણ ઈસ્લામમાં માનતા નથી. તેમણે આ અંગે જાહેરાત પણ કરી છે. બેન્ચને અરજદારની દલીલમાં કેટલાક તથ્યો જણાયા. ત્રણેય ન્યાયાધીશોએ વિચારવિમર્શ કર્યો અને એમિકસ ક્યુરીની નિમણૂક કરી. કેરળના અલાપ્પુઝાની રહેવાસી, 'કેરળના ભૂતપૂર્વ મુસ્લિમો' નામના સંગઠનના જનરલસેક્રેટરી સફિયા પીએમએ તેણીની જાહેર હિતની અરજી અથવા પીઆઈએલ રિટમાં જણાવ્યું હતું કે જોકે તેણે સત્તાવાર રીતે ઈસ્લામ છોડ્યો નથી.

# સીબીઆઈ તપાસ માટે સ્ટે ઓર્ડર; ૨૬ હજાર શિક્ષકોને કલકત્તા હાઈકોર્ટમાંથી ઝટકો લાગ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે કલકત્તા હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મુક્યો હતો. સુપ્રીમ કોર્ટે તે નિર્ણય પર રોક લગાવી દીધી છે જેમાં હાઈકોર્ટે સીબીઆઈને શિક્ષક ભરતી કૌભાંડમાં પશ્ચિમ બંગાળના સરકારી અધિકારીઓની ભૂમિકાની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો.



ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેંચે સોમવારે પશ્ચિમ બંગાળ સરકારની અરજી પર સુનાવણી કરી. બેન્ચમાં જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા. બંગાળ સરકારે કલકત્તા હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે જેણે રાજ્ય સંચાલિત અને રાજ્ય સહાયિત શાળાઓમાં શાળા સેવા આયોગ (એસએસસી) દ્વારા કરવામાં આવેલી ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂકોને અમાન્ય ઠેરવી હતી. બેંચ હવે આ મામલે ૬ મેના રોજ સુનાવણી કરશે.

જો કે, સુનાવણી દરમિયાન, બેન્ચે કહ્યું કે અમે કલકત્તા હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે આપીએ છીએ, જેમાં સીબીઆઈને રાજ્ય સરકારના અધિકારીઓ સામે તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# પાકિસ્તાનમાં જજ શકીરૂલ્લાનું ફિલ્મી સ્ટાઈલ કરાયું અપહરણ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની હાલત કેટલી ખરાબ છે તેનો અંદાજ જજના અપહરણ પરથી આવે છે. આતંકવાદીઓએ હવે જજનું અપહરણ કર્યું છે અને તેનો વિડીયો પણ જાહેર કરાયો છે. જેમાં જજ પોતાનો જીવ બચાવવા માંગણી કરતા દેખાય છે.

વિડીયોમાં તે કહી રહ્યા છે કે પાકિસ્તાનના ચીફ જસ્ટીસે આતંકવાદીઓની વાત સ્વીકારવી જોઈએ. જજ પોતાની આઝાદી માટે વિનંતી કરે છે. એક મિનીટ લાંબી આ વિડીયો ક્લિપ પત્રકારોને મોકલવામાં આવી છે.

આ ક્લિપમાં જજ શકીરૂલ્લા મારવત એકલા જોવા મળી રહ્યા છે. કાળા પડદાની સામે બેઠેલા જજ કહી રહ્યા છે કે તહરીક-એ-તાલીબાન પાકિસ્તાને તેમને બંધ બની લીધા હતા. તેમણે કહ્યું કે ટીટીપીની કેટલીક માંગણીઓ છે. જેની પાકિસ્તાનના ચીફ જસ્ટીસે વહેલી તકે પૂરી કરવી જોઈએ જેથી તેમને મુક્ત કરવામાં આવે. મારી મુક્તિ શક્ય બને તે માટે આતંકવાદીઓની માંગણીઓ વહેલી તકે પૂરી કરે. જોકે આતંકવાદીઓના માંગ બાબતે કોઈ માહિતી અપાઈ નથી. પાકિસ્તાની તાલીબાને હજી સુધી આ અપહરણ

# એએસઆઈએ ભોજશાળાના સર્વે માટે હાઈકોર્ટ પાસે વધુ સમય માંગ્યો : મુસ્લિમ પક્ષે કર્યો ખોદકામનો આક્ષેપ

ઈન્દોર,

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચ સોમવારે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ)ની અરજી પર સુનાવણી કરે તેવી શક્યતા છે જેમાં રાજ્યના ધાર જિલ્લામાં ભોજશાળા મંદિર-કમલ મૌલા મસ્જિદ સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે વધુ આઠ અઠવાડિયાનો સમય માંગવામાં આવ્યો હતો. હિંદુ પક્ષે દાવો કર્યો છે કે જો એએસઆઇને ધારની ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલમાં ચાલી રહેલા સર્વેને પૂર્ણ



કરવા માટે વધારાનો સમય મળે તો મહત્વના પુરાવાઓ બહાર આવી શકે છે જે આ વિવાદિત સ્મારકની વાસ્તવિકતા છતી કરે છે.

એએસઆઈ, જે આ વિવાદિત મધ્યયુગીન સંકુલમાં એક મહિના કરતાં વધુ સમયથી સર્વે કરી રહ્યા છે, તેણે કવાયત પૂર્ણ કરવા માટે હાઈકોર્ટની ઈન્દોર બેંચ પાસે આઠ અઠવાડિયાના વિસ્તરણની માંગ કરી છે. આ સંદર્ભમાં દાખલ કરાયેલી અરજીમાં એએસઆઈએ જણાવ્યું હતું કે સંકુલના માળખાના ખુલ્લા ભાગોની પ્રકૃતિને સમજવા માટે હજુ થોડો સમય જોઈએ. આ અરજી પર સોમવારે એટલે કે આવતીકાલે સુનાવણી થઈ શકશે. બીજી તરફ, મુસ્લિમ પક્ષે એએસઆઈ સર્વે દરમિયાન ભોજશાળા સંકુલના એક ભાગમાં ફ્લોર ખોદવાનો દાવો કર્યો હતો.

# વારંવાર મદદ માંગવી એ બતાવે છે કે અમે નિષ્ફળ ગયા છીએ

## પાકિસ્તાનના પૂર્વ પીએમ અબ્બાસીએ કર્યો સ્વિકાર

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ કોઈનાથી છુપી નથી. દેવામાં ડૂબેલો દેશ દરરોજ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ને પોતાના હાથ આપે છે. થોડા દિવસો પહેલા જ તેણે ફરી એકવાર આઈએમએફને રાહત પેકેજ આપવા માટે ઔપચારિક વિનંતી કરી હતી. દરમિયાન, રોકડની તંગીનો સામનો કરી રહેલા દેશના પૂર્વ વડાપ્રધાન શાહિદ ખાકાન અબ્બાસીએ પોતાની નિષ્ફળતા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે આઈએમએફ પાસેથી બેલઆઉટ (આર્થિક સહાય) માંગવાનો સરકારનો નિર્ણય એ વાતનો પુરાવો છે કે અમે નિષ્ફળ ગયા છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અર્થતંત્રના તમામ સંકેતો નકારાત્મક છે.

લાહોરમાં અસ્મા જહાંગીર કોન્ફરન્સને સંબોધતા અબ્બાસીએ કહ્યું, આઈએમએફ સાથે થયેલા કરારોને કારણે દેશનો આર્થિક વિકાસ અટકી જાય છે અને મોંઘવારી વધે છે.

# લંડનના મેયરની ચૂંટણીમાં ભારતીય મૂળના બિઝનેસમેન અને પાકિસ્તાની મૂળના નેતાની વચ્ચે જામશે ટક્કર

નવીદિલ્હી,

બ્રિટનની રાજધાની લંડનમાં મેયર પદ માટે દિલ્હી મૂળના બિઝનેસ મેન પણ રેસમાં છે. આગામી ૨ મેના રોજ બ્રિટિશ નગરીમાં મતદાન થશે. મેયર પદ માટે દોડમાં સામેલ ભારતીય મૂળના ઉમેદવાર તરૂણ ગુલાટીનું કહેવું છે કે લંડનના નાગરિકોને તમામ પક્ષોએ નિરાશ કર્યા છે. એટલા માટે તે લંડનની જવાબદારી લેવા માંગે છે જેથી શહેરને એક અનુભવી સીઈઓ તરીકે સંભાળી શકે. તમને જણાવી દઈએ કે તરૂણ ગુલાટીનો મુકાબલો લેબર પાર્ટીના નેતા અને પાકિસ્તાની મૂળના સાદિક ખાન સાથે છે.

લંડનના હાલના મેયર સાદિક ખાન પહેલાં મુસ્લિમ મેયર જ નહી પરંતુ યૂરોપિયન યૂનિયનની કોઈપણ રાજધાનીના પહેલાં મુસ્લિમ મેયર છે. તેમણે ૨૦૧૬ માં પોતાના પ્રતિદ્વંદ્રી અને કંઝર્વેટિવ પાર્ટીના ઉમેદવાર જૈક ગોલ્ડસ્મિથને હરાવ્યા હતા. દિલ્હીમાં જન્મેલા ઉદ્યોગપતિ તરુણ ગુલાટીનું કહેવું છે કે તેઓ લંડનમાં જરૂરી અને આકર્ષક રોકાણ કરીને શહેરની કિસ્મતને પુનર્જીવિત કરવા માંગે છે. ૬૩ વર્ષીય ગુલાટી ૨ મેના રોજ યોજાનારી ચૂંટણી માટે અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા છે. તેમના સિવાય કુલ ૧૩ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ગુલાટીએ તાજેતરમાં એક ચૂંટણી ભાષણમાં કહ્યું હતું કે, હું લંડનને એક અનોખા વૈશ્વિક શહેર તરીકે જોઉં છું, જ્યાં વિવિધ સંસ્કૃતિઓ ખીલે છે. તેમણે રેલીમાં લંડનવાસીઓને સંબોધિત કરતાં કહ્યું કે મેયરના રૂપમાં હું લંડનની બેલેન્સ શીટ એ પ્રકારે બનાવીશ કે આ રોકાણકારો માટે સૌથી સુવિધાજનક વિકલ્પ હોય. તમામ લંડનવાસીઓ માટે સુરક્ષા અને સમૃદ્ધિની રક્ષા કરવામાં આવશે.

# લખનૌ બેઠકથી ઉમેદવાર રાજનાથસિંહે નોમિનેશન ભર્યું

લખનૌ,

ભાજપના ઉમેદવાર રાજનાથ સિંહે સોમવારે લખનૌ લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી હતી. તેમણે ૨૦૧૪ અને ૨૦૧૯માં આ બેઠક પર ભારે જીત મેળવી છે. તેમને લખનૌ લોકસભા સીટથી સતત ત્રીજી વખત ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. નામાંકન પ્રસંગે તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય સહિત ઘણા નેતાઓ હાજર હતા.

નામાંકન માટે રાજનાથ સિંહનો રોડ શો લખનૌમાં બીજેપી કાર્યાલયથી શરૂ થયો હતો અને તેઓ તેમના સેંકડો કાર્યકરો સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. આ દરમિયાન ભાજપના કાર્યકરો ખૂબ જ ઉત્સાહિત હતા અને ત્રીજી વખત તેમની જીતનો વિશ્વાસ જણાતા હતા.

નામાંકન માટે રવાના થતા પહેલા રાજનાથ સિંહે લખનૌના હનુમાન સેતુ મંદિરમાં પૂજા કરી હતી. તેમણે ભગવાન શિવનો જલાભિષેક કર્યો અને હનુમાન મંદિરના દર્શન કર્યા. સોમવારે સવારથી જ લખનૌમાં પાર્ટી કાર્યાલયની બહાર સમર્થકોની ભીડ જોવા મળી હતી. ઢોલ-નગારા સાથે શોભાયાત્રામાં જોડાવા લોકો ઉત્સાહિત જોવા મળ્યા હતા.

# અમે ૨ વડાપ્રધાન બનાવીએ કે ૪ અમારી પસંદગી : સંજય રાઉત

પુણે,

દેશમાં લોકસભાની ચૂંટણી પૂરજોશમાં ચાલી રહી છે. ૭ તબક્કામાં યોજાનારી ચૂંટણીના બે તબક્કા પૂર્ણ થયા છે. તમામ રાજકીય પક્ષો પોતપોતાના ઉમેદવારોની તરફેણમાં જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન ઉગ્ર નિવેદનો અને આક્ષેપો થઈ રહ્યા છે. દરમિયાન, શિવસેના યુબીટી નેતા અને સાંસદ સંજય રાઉતે ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે પીએમને



સરમુખત્યાર ગણાવ્યા છે.

પુણેમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષથી એક સરમુખત્યાર દેશ ચલાવી રહ્યો છે. દર વર્ષે નવા પીએમની નિમણૂક કરવાના પીએમ મોદીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે ગઠબંધન સરકાર લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા સરમુખત્યાર કરતાં ઘણી સારી હોય છે. તેમણે કહ્યું કે દેશ એક તાનાશાહ ચલાવી રહ્યો છે જે લોકતાંત્રિક રીતે ચૂંટાયો હતો અને સરમુખત્યાર બની ગયો છે. રાઉતે કહ્યું કે અમારી ઈચ્છા છે કે અમે અમારા વડાપ્રધાન તરીકે કોને પસંદ કરીએ. અમે ૨ વડાપ્રધાન બનાવીએ કે ૪ વડાપ્રધાન બનાવીએ તે અમારી પસંદગી છે.

# વિજય માલ્યા સાથે રાઘવ ચઢ્ઢાની સરખામણી, યુટ્યુબ ચેનલ સામે નોંધાઈ એફઆઈઆર

ચંડીગઢ,

પંજાબ પોલીસે યુટ્યુબ ચેનલ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. યુટ્યુબ ચેનલ પર આમ આદમી પાર્ટી (આપ)ના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાની તુલના ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા સાથે કરવાનો આરોપ છે. લુધિયાણા લોકસભા સીટના આપ ઉમેદવાર અશોક પપ્પી પરાશરના પુત્ર વિકાસ પરાશરની ફરિયાદ પર યુટ્યુબ ચેનલ 'કેપિટલ ટીવી' વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. વિકાસ પરાશર પણ આપ કાર્યકર છે.

ફરિયાદીએ ચેનલ પર બદનક્ષી અને ભ્રામક સામગ્રીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. "કેપિટલ ટીવી ચેનલ અને અન્ય પરના ખોટા વિડિયો નિવેદનો અથવા સામગ્રી જાહેર શાંતિ અને સૌહાર્દને નુકસાન પહોંચાડે તેવી સંભાવના છે અને તે ધર્મ, જાતિ, જાતિ અથવા સમુદાયના આધારે દેશના વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપે છે," ફરિયાદમાં કહેવામાં આવ્યું છે. એફઆઈઆર મુજબ, ચેનલે દાવો કર્યો હતો કે વિજય માલ્યા પબ્લિકના પૈસા લઈને બ્રિટન ભાગી ગયો હતો, તેવી જ રીતે રાજ્યસભાના એક સભ્યએ દાવો કર્યો હતો કે તે આંખની સારવાર માટે ત્યાં ગયો હતો.

# અસલી ચહેરો સામે આવ્યો : ખાલિસ્તાન જીંદાબાદના નારા પર કેનેડીયન પીએમ જસ્ટિન ટુડો મલકાતા દેખાયા

ટોરેન્ટો,

કેનેડાના ટોરન્ટોમાં ખાલિસ્તાન જીંદાબાદની નારેબાજી જોવા મળી છે. પરંતુ આ વખતે ખાલિસ્તાનના સમર્થનમાં આ નારા કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટુડોની હાજરીમાં લગાવાયા હતા. ટુડોએ ખાલસા દિવસ અને શીખ નવા વર્ષને પગલે ટોરન્ટોમાં આયોજીત એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. તે સમયે હજારો લોકોની ભીડને સંબેધિત કરતા ટુડોએ કહ્યું કે આજે આપણે અહીં એ યાદ રાખવા માટે એકઠા થયા છે કે કેનેડાની સૌથી મોટી તાકાત તેની વિવિધતા છે.



આપણે મતભેદો હોવાછતા એક છીએ. પરંતુ જ્યારે આપણે એ મતભેદોને જોઈએ છે ત્યારે આપણે એ યાદ રાખવું જોઈએ કે શીખોનું મૂલ્ય કેનેડાનું મૂલ્ય છે.

ટુડોએ કહ્યું કે સચ્ચાઈ, ન્યાય, કરૂણા સેવા અને માનવઅધિકાર એ મૂલ્યો છે, જે શીખ ધર્મનો આધાર છે. આ શીખ કેનેડીયન સમુદાયનું મુલ્ય છે. તેમણે કહ્યું કે તેને કારણે આપણે આપણા સિક્યુરિટી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોગ્રામને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. ગરૂદ્વારા અને પૂજા સ્થળો પર સુરક્ષા વધારી રહ્યા છીએ. તમે કોઈ ડર વિના પોતાના ધર્મનું પાલન કરી શકો છે., જે એક મૂળભૂત અદિકાર છે. એટલા માટે અમે તમારી રક્ષા માટે ઉભા રહીશું.

જ્યારે ટુડો આ સંબોધન કરી રહ્યા હતા ત્યારે ભીડમાંથી ખાલિસ્તાન જીંદાબાદના નારા સંભળાયા હતા. તે સમયે ટુડો મુસ્કારાતા નજરે ચડ્યા હતા.

# ગેરકાયદેસર સ્ક્રીનિંગ કેસમાં તમન્ના સાયબર સેલ સમક્ષ હાજર ન થઈ

નવીદિલ્હી,

આઈપીએલ કોપી રાઈટ કેસમાં અભિનેત્રી તમન્ના ભાટિયા સોમવારે સાયબર પોલીસ ઓફિસ પહોંચી ન હતી. તેણીના વકીલે સાયબર પોલીસને જણાવ્યું હતું કે તે શૂટિંગના સંબંધમાં બહાર હતી અને તેથી આજે આવી શકી નથી. જોકે, સાયબર પોલીસે આ કેસમાં તમન્નાની પૂછપરછ માટે હજુ કોઈ નવી તારીખ આપી નથી. ખરેખર, મહાદેવ સટ્ટાબાજી એપ કેસને કારણે તમન્ના ભાટિયાને સાયબર પોલીસે પૂછપરછ માટે બોલાવી હતી. મહાદેવ બેટિંગ એપની અન્ય એપ ફેર પ્લે પર ૨૦૨૪ આઈપીએલનું ગેરકાયદે પ્રસારણ કરવાનો આરોપ છે.

તમન્ના ભાટિયાએ પણ ફેર પ્લેની જાહેરાત કરી હતી અને તેના કારણે મહારાષ્ટ્ર સાયબર પોલીસે તેને નિવેદન નોંધવા માટે સમન્સ પાઠવ્યું હતું. તમન્ના ભાટિયા ૨૯મી એપ્રિલ એટલે કે આજે સાયબર પોલીસ ઓફિસ પહોંચવાની હતી પરંતુ તે આજે પહોંચી ન હતી. તેના વકીલે કહ્યું કે તે આવી શકી નથી કારણ કે તે શૂટિંગના સંબંધમાં બહાર હતી. પોલીસે તેને સાક્ષી તરીકે પૂછપરછ માટે બોલાવ્યો હતો. તમને જણાવી દઈએ કે મહાદેવ બેટિંગ એપ કેસમાં અભિનેતા સાહિલ ખાનની ધરપકડ કરવામાં આવી છે.

# તેલંગાણા મુખ્યમંત્રી રેડ્ડીને દિલ્હી પોલીસ દ્વારા સમન્સ

નવીદિલ્હી,

અમિત શાહના એડિટેડ વીડિયોની તપાસ ઉપડી છે. ગઈ કાલે ભાજપની ફરીયાદ બાદ એફઆઈઆર દાખલ કર્યા બાદ આજે દિલ્હી પોલીસે તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીને સમન્સ પાઠવીને દિલ્હી બોલાવ્યાં છે. દિલ્હી પોલીસે રેવંત રેડ્ડીને ૧ મેના રોજ તેમના દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા તમામ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સની સાથે પૂછપરછ માટે બોલાવ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બનાવટી વીડિયો શેર કરનારા કેટલાક કોંગ્રેસી નેતાઓ સહિત વધુ પાંચ લોકોને પણ દિલ્હી પોલીસ દ્વારા સમન્સ પાઠવવામાં આવશે. ગૃહ મંત્રાલય અને ભાજપની



ફરિયાદો બાદ દિલ્હી પોલીસે આ અંગે કેસ નોંધ્યાના એક દિવસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

દિલ્હી પોલીસે તેલંગાણાના મુખ્યમંત્રીને નોટિસ મોકલીને પોતાનો મોબાઈલ ફોન પોતાની સાથે લાવવા કહ્યું છે. દિલ્હી પોલીસની ટીમ હાલ હૈદરાબાદમાં હાજર છે. આ કેસ સંદર્ભે કોંગ્રેસના કેટલાક નેતાઓ સહિત અન્ય પાંચ વ્યક્તિઓને નોટિસ ફટકારવામાં આવશે. આ એ લોકો છે જેમણે ગૃહમંત્રીનો એડિટેડ વીડિયો શેર કર્યો છે. આ લોકોની પૂછપરછ કરીને પોલીસ એ જાણવાનો પ્રયાસ કરશે કે આ એડિટેડ વીડિયો કોણે બનાવ્યો અને કેવી રીતે આ લોકો સુધી પહોંચ્યો. આ પાંચેય તેલંગણાના છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના છેડછાડ વીડિયો કેસમાં પોલીસે ભાજપની ફરિયાદને આધારે પોલીસે આ કેસમાં એફઆઈઆર દાખલ કરી હતી. દિલ્હી પોલીસને ગૃહમંત્રીના એડિટેડ વીડિયોને લઈને બે ફરિયાદો મળી હતી.

# અરજી ખોટી છે, અમે ચૂંટણીપંચને આદેશ આપી શકીએ નહીં - દિલ્હી હાઈકોર્ટ

## મોદી પર ૬ વર્ષ માટે ચૂંટણી પ્રતિબંધની માગ કરતી અરજીને ફગાવી દીધી

નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ૬ વર્ષ માટે ચૂંટણી પ્રતિબંધની માગ કરતી અરજીને ફગાવી દીધી છે. પિટિશનર એડવોકેટ આનંદ એસ. જોંધલેએ આરોપ લગાવ્યો છે કે પીએમ નરેન્દ્ર મોદીએ આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. ચૂંટણીપંચ વતી એડવોકેટ સિદ્ધાંત કુમાર હાજર રહ્યા હતા.

કોર્ટે કહ્યું હતું કે અરજી ઘણાં કારણોસર સંપૂર્ણપણે ખોટી છે. અરજદારનું માનવું છે કે આચારસંહિતાનો ભંગ થયો હતો, પરંતુ ચૂંટણીપંચને કોઈ ફરિયાદ પર કોઈ ખાસ વિચાર કરવાનો આદેશ આપવો એ અમારા માટે યોગ્ય નથી. જોંધલેની ફરિયાદ પર ચૂંટણીપંચ કાયદા મુજબ કાર્યવાહી કરશે.

જોંધલેએ ૧૫ એપ્રિલે પોતાની અરજીમાં કહ્યું હતું કે પીએમ મોદી ભગવાન અને મંદિરોનાં નામ પર લોકો પાસેથી મત માગી રહ્યા છે.

# બ્રિટનમાં હત્યાના દોષિત ભારતીયને ૧૬ વર્ષની જેલ : પૂર્વ પ્રેમિકાની મોતને ઘાટ ઉતારી દીધી હતી

લંડન,

બ્રિટનમાં પોતાની પૂર્વ પ્રેમિકાની હત્યા કરનાર ભારતીયને ૧૬ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. હૈદરાબાદના રહેવાસી ૨૫ વર્ષીય શ્રીરામ અંબર્લાએ બે વર્ષ પહેલા તેની પૂર્વ પ્રેમિકા સોના બિજુની હત્યા કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુનો કરતા પહેલા તેણે ગૂગલ પર સર્ચ કર્યું હતું કે કેવી રીતે કોઈ વ્યક્તિને છરી વડે તરત જ મોતને ઘાટ ઉતારી શકાય છે. ખરેખર, અંબર્લા સોના સાથે લગ્ન કરવા માંગતો હતો, પરંતુ સોનાએ ના પાડી. આ પછી એક દિવસ અંબર્લા તે રેસ્ટોરન્ટમાં પહોંચ્યો જ્યાં સોના કામ કરતી હતી. ત્યાં તેણે તેની પૂર્વ પ્રેમિકાને તેની સાથે લગ્ન નહીં કરે તો તેને મારી નાખવાની ધમકી આપી હતી. જો કે, તે હજુ પણ લગ્ન માટે સંમત ન હતી.

સોનાએ અંબર્લાને કહ્યું હતું કે તે તેના કહેવા પ્રમાણે રહી શકતી નથી. આ પછી અંબર્લાએ તેની ગરદન પર છરી વડે હુમલો કર્યો હતો. સોનાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. લગભગ એક મહિના સુધી ચાલેલી સારવાર બાદ તેનું મોત થયું હતું. કોર્ટમાં સુનાવણી દરમિયાન કહેવામાં આવ્યું હતું કે સોના પર હુમલો કરતા પહેલા અંબરલાએ ગૂગલ પર સર્ચ કર્યું હતું કે છરી વડે કોઈ વ્યક્તિને સરળતાથી કેવી રીતે મારી શકાય? કેવી રીતે મારવામાં આવે તો વ્યક્તિ તરત જ મૃત્યુ પામે છે? બ્રિટનમાં કોઈ વિદેશી કોઈની હત્યા કરે તો શું થાય?

કોર્ટના દસ્તાવેજો અનુસાર, અંબર્લા અને સોના ૨૦૧૭માં એકબીજા સાથે રિલેશનશિપમાં હતા. તેઓ હૈદરાબાદ કોલેજમાં મળ્યા હતા.

# કાશ્મિરથી કન્યાકુમારી સુધી લોકોનો એક જ નારો મોદી... મોદી... : હર્ષ સંઘવી

## જામનગરમાં અઠવાડિયામાં ગૃહમંત્રીની બીજી મુલાકાત : ભાજપ કાર્યાલય તેમજ મોડીરાત્રે શેરી-ગલીઓમાં પણ ગૃહમંત્રી ફર્યા


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી ગઈકાલે મોડી રાત્રે જામનગર આવી પહોંચ્યા પછી સભા સ્થળ ની મુલાકાત બાદ તેઓએ જામનગર શહેરના ભાજપના કાર્યાલયની મુલાકાત લીધી હતી, ત્યારબાદ શહેરની શેરી- ગલીઓમાં પણ ઘુમ્યા હતા. અને નિરીક્ષણ કર્યું હતું. રાજપૂત સમાજ અંગેના નિવેદનમાં તેઓએ જણાવ્યું હતું કે રાજપૂત સમાજ ના આગેવાનો એ અમારો પરિવાર છે, અને પરિવારના લોકો સાથે મળવાનું બેસવાનું પણ થયું છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી તમામ વર્ગના લોકોનો એક જ નારો છે, 'મોદી મોદી' અને જામનગરના દિલમાં મોદી અને મોદીજીના દિલમાં જામનગર તેવી વાત કરી હતી. સાથો સાથ હાલારના સાગરકાંઠા વિસ્તારમાં ઝડપાયેલા જંગી ડ્રગ્સના જથ્થા મામલે ગુજરાતની તમામ સુરક્ષા એજન્સીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી ગઇ રાત્રે ફરી જામનગરના મહેમાન બન્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ની જાહેર સભાના સ્થળ પ્રદર્શન ગ્રાઉન્ડની મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું હતું, ત્યારબાદ શહેર ભાજપ તથા જામનગરના અન્ય આગેવાનો ને મળ્યા હતા. ઉપરાંત ચૂંટણી કાર્યાલયની મુલાકાત કર્યા પછી મોડી રાત્રે જામનગરની અનેક ગલીઓમાં પણ ફર્યા હતા.

જામનગરમાં રાજપુત સમાજના લોકો સાથે થયેલી બેઠક અંગે હર્ષ સઘવીએ જણાવ્યું હતું, કે રાજપુત સમાજના આગેવાનો એ અમારો પરિવાર છે. પરિવારના લોકો સાથે મળવાનું થાય એમ મળ્યા બાકી બીજી કોઈ વાત પણ થઈ નથી. કાશ્મીરથી કન્યાકુમારી સુધી તમામ વર્ગના લોકોમાં એક જ નારો છે "મોદી મોદી " અને જામનગરના દિલમાં મોદી, અને મોદીજીના દિલમાં જામનગર અને ગુજરાત છે તેમ જણાવ્યું હતું. કોંગ્રેસ ના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીના રાજા મહારાજાઓના નિવેદનને લઈને હર્ષ સંઘવીએ તીખી પ્રતિક્રિયા આપી હતી. ખૂબ જ દુઃખદ વિષય છે કોંગ્રેસના આ શહેજાદા દ્વારા નિઝામના અત્યાચાર પર ક્યારેય કાંઈ બોલ્યા નથી. જેમનો ઈતિહાસ પર આખા દેશને ખૂબ જ ગર્વ હોય તેના પર દરેક ચૂંટણીમાં સ્ટેટમેન્ટ આપવા કોંગ્રસના યુવરાજ ખુબ જ ફેમસ છે. ભાવનગરના આપના ઉમેદવાર ઉમેશ મકવાણા દ્વારા આપવામાં આવેલા નિવેદન અંગે પણ ખૂબ જ દુઃખ અનુભવ્યો હતો.

ભારત પાકિસ્તાનની સીમા પર ગુજરાત પોલીસના જવાનો ગોળીઓનો સામનો કરે જેથી ડ્રગ્સ આપણી સીમામાં આવતું અટકાવે છે. ગુજરાત એ.ટી.એસ , એન.સી.બી. અને ગુજરાત પોલીસની ટીમને એક બાદ એક મેગા ઓપરેશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત પોલીસે આ ઐતિહાસિક ઓપરેશનને શ્રીલંકામાં જતું અને બીજા દેશોમાં જતું ડ્રગસ અટકાવીને ખૂબ મોટું કામ કર્યું છે તેવી વાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ ત્રીજી ટર્મ એ ભારતને ખૂબ જ વિકાસશીલ રાષ્ટ્ર બનાવવા માટેની ચૂંટણી છે, જેમાં સમાજ વર્ગના તમામ લોકોએ એક મત થઈ મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

## જામનગરમાં રામાનંદી સાધુ પર બે શખ્સોએ હુમલો કરી હાથ-પગ ભાંગી નાખ્યા

જામનગર : જામનગરમાં ખેતીવાડી ફાર્મ નજીક ભીલવાસમાં રહેતા ૭૦ વર્ષના રામાનંદી સાધુ બુઝુર્ગ પર તેજ વિસ્તારમાં રહેતા બે શખ્સોએ લાકડાના ધોકા અને લોખંડના પાઇપ વડે હુમલો કરી હાથ પગમાં ફ્રેક્ચર સહીત ની ઈજા પહોંચાડયાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખેતીવાડી ફાર્મ નજીક ભીલવાસમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા શ્યામસુંદર શિવદુલારે ભારતી નામના રામાનંદી સાધુએ પોતાના ઉપર લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી ફ્રેકચર સહિતની ઈજા પહોંચાડવા અંગે ભીલવાસમાં જ રહેતા સંજય ઉર્ફે સાંઢીયો રાવળ, અને સોનિયો રાવળ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર પોતાના મિત્ર જેનિશભાઈ કે જેઓ અવારનવાર ફરિયાદીના ઘેર આવતા હોવાથી બંને આરોપીઓને તે પસંદ નહીં પડતાં ગરમાં આવી જઈ આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર કરાયું છે. હાલ બંને આરોપીઓ ભાગી છૂટયા હોવાથી પોલીસ તેઓને શોધી રહી છે.

## ધ્રોલના જાવિયા પાસે સ્કૂટર અને ઈકો કાર વચ્ચે અકસ્માતમાં બે બહેનો ગંભીર રીતે ઘાયલ

જામનગર : જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર જાયવા ગામના પાટીયા પાસે ઈકો કાર અને સ્કૂટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં રાજકોટમાં ઈમિટેશન જ્વેલરીનું કામ કરતી બે બહેનો ગંભીર સ્વરૂપે ઘાયલ થઈ છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે રાજકોટમાં કોઠારીયા રોડ પર રહેતી અને ઈમિટેશન જ્વેલરી નું કામ કરતી મીનાબેન બાબુપરી ગોસાઇ (૪૬) પોતાની બહેન જાગૃતિબેન ગોસાઈને પોતાના એકટીવા માં પાછળ બેસાડીને રાજકોટથી સિક્કા ગામે રહેતા પોતાના માતાને મળવા માટે જઈ રહી હતી. જે દરમિયાન જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાયવા ગામના પાટીયા પાસે અકસ્માત નડ્યો હતો.

બંને બહેનોના સ્કૂટરને જી.જે.૧૦ સી.જી. ૯૬૬૧ નંબરની ઈકો કારના ચાલકે ઠોકર મારી દેતાં સ્કૂટર માર્ગ પર ફંગોળાયું હતું, અને બંને બહેનો ને ફ્રેકચર સહિતની ઈજાઓ થવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

સમગ્ર અકસ્માત મામલે હીનાબેને ઈકો કારના ચાલક સામે ધ્રોળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ધ્રોલ પોલીસ વધુ તપાસ ચલાવે છે.

## જામનગરમાં રૂપાલા સામે વિરોધ કરનાર ક્ષત્રિય સમાજના લોકો પર કેસ કરાતા ભભૂકયો રોષ

### શાંતિથી ચાલી રહેલા આંદોલનમાં પોલીસ દ્વારા દમન કરવામાં આવતાં આગામી સમયમાં આંદોલન ઉગ્ર કરવાની ચિમકી




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં રાજપૂત સમાજ દ્વારા ચલાવી રહેલા આંદોલનના સંદર્ભમાં વોર્ડ નંબર ૬માં ક્ષત્રિય સમાજના લોકો સામે ખોટો કેસ દાખલ કરાયા પછી રાજપૂત સમાજ રોષે ભરાયો છે, અને જામનગર જિલ્લા રાજપૂત સમાજના આગેવાનોની મહત્વની બેઠક યોજાઇ હતી, જેમાં ભાજપ દ્વારા ખોટા કેસ કરાવવામાં આવી રહ્યા હોવાની અને રાજપૂત સમાજને છંછેડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા નો આક્ષેપ કરાયો છે, અને આગામી દિવસોમાં આ લડતને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી આપી છે.

જામનગર મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૬ ભાજપના કાર્યક્રમ દરમિયાન આકરી કલમ લગાડીને રાજપૂત સમાજના લોકો પર ગુન્હો દાખલ કરાવ્યો છે, અને ભાજપ દ્વારા રાજપૂત સમાજમાં ડર પેદા થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે.

શાંતિ પ્રિય રીતે ક્ષત્રિય સમાજ આંદોલન ચલાવી રહ્યો છે, જેમાં પલીતો ચાંપવાનો સ્થાનિક ભાજપની નેતાગીરી દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે, અને ખોટી રીતે સમાજના લોકોને પરેશાન કરવામાં આવી રહી છે.

હાલના સંજોગોમાં કોઈપણ પ્રકારે વિરોધ કરવાનો સર્વેને અધિકાર છે તેમ છતાં માત્ર ઉભા રહ્યા હોય તેવા પણ ક્ષત્રિય સમાજના લોકોની સામે ગુનો દાખલ કરી અટકાયત કરી લેવાની પહેરવી કરવામાં આવી રહી છે. હાલમાં રાજપૂત ક્ષત્રિય સમાજ શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહ્યા છે, અને કોઈપણ પ્રકારની પબ્લિક પ્રોપર્ટી ને નુકસાન પહોંચાડ્યા વગર તેમજ અન્ય સમાજના લોકોને કોઈ તકલીફ ન પડે તે પ્રમાણેનું આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે.

ભારતના વડાપ્રધાનની આગામી જાહેરસભા છે તેમાં પણ અમારા દ્વારા આ રાષ્ટ્રના વડાપ્રધાન છે, તેથી કોઈ વિરોધ પ્રદર્શન કરવામાં નહીં આવે, તેવી પણ જાહેરાત કરવામાં આવી છે. પરંતુ સ્થાનિક ભાજપના તંત્ર દ્વારા પોલીસ પર ખોટું દબાણ લાવી અમારા સમાજના લોકો વિરુદ્ધ ખોટી રીતે ગુનો દાખલ કરાવી ક્ષત્રિય સમાજને ઉસ્કેરવાનો પ્રયત્ન કરવામાં આવશે તો આગામી દિવસોમાં આથી વધુ આંદોલન કરવામાં આવશે, તેવી ચીમકી ઉચ્ચારી છે. ગઈકાલે જે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, તે સંદર્ભમાં ક્ષત્રિય સમાજના આગેવાનો જિલ્લા પોલીસવડાને રજૂઆત કરવા પણ જઈ રહ્યા હોવાનું જણાવ્યું છે.

## જામજોધપુરના સીદસર ગામેં ભાજપના પ્રચાર દરમ્યાન વાહનમાં તોડફોડ કાર્યની ૧૧ સામે ફરિયાદ

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને પ્રચાર કરતા રોકવામાં આવ્યા હતા અને તેમના વાહનને અટકાવી તેમાં રહેલા પોસ્ટર વગેરેને ફાડી નાખી નુકસાનની પહોંચાડવા અંગે ૧૧ શખ્સો સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના સીદસર ગામમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના પ્રચાર માટે વાહન નીકળ્યું હતું, દરમિયાન સવારે ૯.૦૦ વાગ્યાના અરસામાં ગામના પાદરમાં ૧૧ જેટલા શખ્સોએ વાહનને રોક્યું હતું, અને પ્રચાર કરતાં અટકાવી તેમાં હાજર રહેલા કાર્યકર્તાઓને ધાકધમકીઓ અપાઈ હતી, તેમજ તેમાં રહેલા બેનર-પોસ્ટર વગેરે પણ ફાડી નાખી નુકસાની પહોંચાડવામાં આવી હતી.

આખરે આ મામલો જામજોધપુર પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને સિદસર ગામના સરપંચની ફરિયાદના આધારે ૧૧ શખ્સો સામે ગુનો નોંધ્યો છે. જે બનાવને લઈને ભારે ચર્ચા જાગી છે.

## ખંભાળિયામાં હદયરોગના હુમલાએ હોમગાર્ડ જવાનનો ભોગ લીધો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાની હોમગાર્ડ કચેરીમાં ફરજ બજાવતા હેમલ બળવંતરાય દવે (ઉ.વ. ૪૨) સોમવારે ફરજ પર જતા પહેલાં ખંભાળિયાની મુખ્ય બજારમાં આવેલા હરસિધ્ધિ માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યારબાદ ઓચિંતા પડી જતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું મૃત્યુ થયાનું જાહેર થયું હતું.

હોમગાર્ડ જવાનના આકસ્મિક મૃત્યુના સમાચાર ફેલાતા જિલ્લા હોમગાર્ડ કમાન્ડર તથા હોમગાર્ડ જવાનો હોસ્પટલે પહોંચી ગયા હતા. ખંભાળિયામાં હોમગાર્ડ જવાનની ઓચિંતી અણધારી વિદાયને કારણે પરિવાર તથા સાથીમિત્રોમાં ભારે શોકનું વાતાવરણ બની ગયું છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો


તસવીર: રાકેશ સામાણી

દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. ઠાકોરજીને સોમવારના ગુલાબી વાઘા સહિત રત્નાલંકારથી સુશોભિત દિવ્ય સ્વરૂપ સાથેના કુંડલા ભોગ મનોરથનો ઉપસ્થિત હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતો શ્રીજીના દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર થયા હતા.

## જામનગરમાં જ્ઞાતિના સ્નેહમિલનમાં હાજરી આપવા આવેલ વૃધ્ધનું હદય થંભી ગયું

જામનગર : જામનગરમાં નાગનાથ ગેઈટ વિસ્તારમાં રહેતા ખવાસ જ્ઞાતિ ના બુઝુર્ગ ખવાસ જ્ઞાતિના ટાઉનહોલમાં યોજાયેલા સ્નેહમિલનના કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા, જે દરમિયાન ખુરશીમાં બેઠા બેઠા બેશુદ્ધ બન્યા હતા, અને હૃદય બંધ પડી જતાં અપ મૃત્યુ થયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં નાગનાથ ગેઈટ નજીક ખેત્રી ફળીમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા વિનોદભાઈ બચુભાઈ બાલા નામના ૭૩ વર્ષના બુઝુર્ગ ટાઉનહોલમાં યોજાયેલા જ્ઞાતિના સ્નેહ મિલન ના કાર્યક્રમમાં ખુરશી ઉપર બેઠા હતા, અને એકાએક ચક્કર આવતાં બેશુદ્ધ બન્યા હતા.

જેઓને તાત્કાલિક અસરથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં ફરજ પરના તબીબે તેઓનું હૃદય બંધ પડી જવાના કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર કેતનભાઇ વિનોદભાઈ બાલાએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન પોલીસે મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં વડાપ્રધાનની જાહેર સભાના સ્થળની મુલાકાત લેતા એડીજીપી રાજકુમાર પાંડિયન


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨જી મે ના દિવસે જાહેર સભા યોજાઈ રહી છે, ત્યારે લોખંડી સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવાના ભાગરૂપે પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓ કમાર કસી રહી છે. દરમિયાન ગુજરાત રાજ્યના એડીજીપી રાજકુમાર પાંડિયન પણ આજે સવારે જામનગરના મહેમાન બન્યા હતા, અને સવારે ૧૦.૩૦ વાગ્યાના અરસામાં પ્રદર્શન મેદાનની મુલાકાત લીધી હતી, અને જાત નિરીક્ષણ કર્યું હતું. આ વેળાએ તેઓની સાથે રાજકોટ રેન્જના આઈજીપી અશોકકુમાર યાદવ, જામનગરના એસપી પ્રેમસુખ ડેલુ તથા અન્ય પોલીસ અધિકારીઓનો વિશાળ કાફલો પ્રદર્શન ગ્રાઉન્ડના સ્થળે હાજર રહ્યો હતો, અને સમગ્ર જાહેર સભા ની સુરક્ષા વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

## જામનગરમાં ઈંડા કળીની રેંકડી પર બે શખ્સોનો હંગામો

### ઈંડા કળી બનાવી આપવાના રેંકડી ચાલક પર હુમલો કરી આંખ ફોડી નાખી

જામનગર : જામનગરમાં શંકટ ટેકરી પાણાખાણ વિસ્તારમાં ઈંડાની રેકડી પર નાસ્તો કરવા બાબતે ગઈકાલે બે શખ્સો એ ધમાલ મચાવી હતી, અને રેકડી ચાલકના આંખમાં હુમલો કરી દઈ આંખ ફોડી નાખી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે, જ્યારે રેકડી ચાલકને સારવાર માટે જી. જી. હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે બંને આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં હર્ષદ મીલની ચાલી વિસ્તારમાં રહેતા અને શંકર ટેકરી ઉદ્યોગનગર વિસ્તારમાં ઈંડાકળીની રેકડી ચલાવતા પરસોત્તમભાઈ વાસુદેવભાઈ ચાંદ્રા નામના રેકડી ધારકે પોતાના ઉપર ઈંડા કરી બનાવવાના હાથાવાળી તાવડી પોતાના મોઢાના ભાગે હુમલો કરી આંખ ફોડી નાખવા અંગે જામનગરના જયેશ પટેલ અને મુન્નાભાઈ પટેલ નામના બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર પોતાનો નાસ્તાનો ઓર્ડર આપ્યો હતો, જેમાં વાર લાગવા બાબતે બંને શખ્સોએ તકરાર કરી હતી, અને રેકડી ચાલકને ઈંડા કરી બનાવવાની હાથાવાળી તાવડીનો હાથો ઉપાડીને મારતાં તેને આંખમાં ઈજા થઈ હોવાથી તેને સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડાયો છે. આ બનાવ અગે ની જાણ થતા સિટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો દોડતો થયો હતો, અને પરસોત્તમભાઈ ચાંદ્રાની ફરિયાદના આધારે જયેશ પટેલ અને મુન્ના પટેલ સામે આઈપીસી કલમ ૩૨૩ ૫૦૪, ૫૦૬-૨ ૧૧૪ તેમજ જી. પી. એક્ટ કલમ ૧૩૫-૧ મુજબ ગુનો નોંધ્યો છે, અને બંને શખ્સો ભાગી છૂટયા હોવાથી તેઓની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.